# વિવિધ લગ્ન ગીતો

* સંપાદિકા *

દૂધીબેન લખુભાઈ ભક્ત

* પ્રકાશક *

લખુભાઈ કાળીદાસ ભક્ત
9332, Marrietta
Garden Grove
C.A. 92461 U.S.A.


# વિવિધ લગ્ન ગીતો

* સંપાદિકા *

દૂધીબેન લખુભાઈ ભકત

* પ્રકાશક *

લખુભાઈ કાળીદાસ ભકત
9332, Marrietta
Garden Grove
C.A. 92461 U.S.A.


કબીર

# શુભેચ્છા

શ્રી લખાભાઇ કાલીદાસ ભક્ત યુવાન વયથી જ પરદેશમાં જઇને આર્થિક રીતે સ્થિર થયા છે. તેઓ ધંધાકીય કામોમાં વ્યસ્ત રહેતા હોવા છતાં ભક્ત સમાજની સારી પ્રણાલિકાઓ જીવતી રહે તે માટે પ્રયત્નશીલ રહે છે. તેમનાં ધર્મપત્ની શ્રીમતી દૂધીબહેન પણ તેટલાં જ રસિયા જીવ છે. બંનેના પુરુષાર્થથી અગાઉ પણ ભજનોનો દળદાર ગ્રંથ પ્રકાશિત થયેલો અને ભજનો તરફનો તેઓનો પક્ષપાત આપણે જાણી શકેલા. આ વખતે તેઓ લગ્ન સમયનાં ગીતો લઇને આવ્યાં છે. લગ્ન સમયે ગવાતાં બધાં જ ગીતો સારા છે એવું નથી. એમાંથી સારાં સારાં ગીતો પસંદ કરી તેમણે સમાજને પીરસવા પ્રયત્ન કર્યો છે. જે કાંઈ પીરસાયું છે તે સાંસ્કૃતિક રીતે તો મૂલ્યવાન છે. તે માટે તેઓને ધન્યવાદ ઘટે છે. તેમનો રસ કાયમ જળવાઇ રહે એવી શુભેચ્છા.

કંપુરા ઈશ્વરભાઈ પ્રભુભાઈ પટેલ

તા. ૨-૪-૯૩

# પ્રસ્તાવના

આ નાની પુસ્તિકામાં શ્રી રામ કબીર સંપ્રદાયના સમસ્ત ભક્ત સમાજમાં શુભ લગ્ન પ્રસંગે ગવાતાં ઘોળ, ગીતો આપ્યાં છે.

આ પુસ્તિકા બહાર પાડવાનો ઉદ્દેશ ખીસ્સામાં રહી શકે અને લગ્ન પ્રસંગે એનો ઉપયોગ કરી શકાય. આપણાં ભક્ત સમાજમાં સુસંસ્કારનો ભવ્ય અને ઉજ્જવળ વારસો ભાવિ પેઢી ભૂલી ન જાય અને અમલમાં મૂકે એવી આશા સાથે આ પુસ્તિકા બહાર પાડીએ છીએ.


લખુભાઈ કાળીદાસ ભક્ત
દુધીબેન લખુભાઈ ભક્ત
સુરેશભાઈ લખુભાઈ ભક્ત
લક્ષ્મીબેન સુરેશભાઈ ભક્ત
સુકુન્દભાઈ લખુભાઇ ભક્ત
શીલાબેન સુકુન્દભાઈ ભક્તના
રામ કબીર

L. K. BHAKTA
9332, Marrietta
Garden Grove,
C A 92461 U.S.A.
Phone :
House-714 539 6749
Motel –714 554 0085

## — અ...નુ...ક્ર...મ...ણિ...કા —


| ક્રમ | ગીત | પા. નં. |
|---|---|---|
| ૧ | કંકુ છાંટી કંકોતરી મોકલી | ૧ |
| ૨ | પ્રભુજી વિના મારે પલક ન ચાલે | ૪ |
| ૩ | રાધાજી રે ઘણું હરખ્યાં છે મન | ૬ |
| ૪ | સંતો સાથ મેં તુલસી હાથમાં | ૭ |
| ૫ | અનહદ ગડગડીઆની સાન રે | ૮ |
| ૬ | ઉઠો ભીખુભાન વળાવોની જાન | ૯ |
| ૭ | લખે લંકા થકી સીતા સુંદરી | ૧૦ |
| ૮ | ફૂલડે તે ફગર ભરાવીયા રે | ૧૩ |
| ૯ | જી રે સખીઓ તે સર્વ ટોળે મળ્યા | ૧૪ |
| ૧૦ | હું તો હરજી જોવાને રે નીસરી | ૧૫ |
| ૧૧ | જી રે આજ લીલા રે દીનાનાથની | ૧૬ |
| ૧૨ | તું તો રામરટણ કર રંગમાં | ૧૭ |
| ૧૩ | વૈષ્ણવજન તો તેને રે કહીએ | ૧૮ |
| ૧૪ | આટલો સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો | ૧૯ |
| ૧૫ | ચાલો ભાઇ આપણે ભણવા જઇએ રે | ૧૯ |
| ૧૬ | રખોમણી લખી કાગળ મોકલે રે | ૨૦ |
| ૧૭ | સતગુરૂ સહાય કરો એકવાર રે | ૨૧ |

| ક્રમ | ગીત | પા. નં. |
|---|---|---|
| ૧૮ | સજની રે તું તો સ્વપ્ન | ૨૨ |
| ૧૯ | મારે આંગણે વાયુ શું બોલિયા | ૨૩ |
| ૨૦ | હરિના મંદિર છે અતિ સારા | ૨૫ |
| ૨૧ | ઘોડી વરઘોડા ગાયે રામચંદ્રનો | ૨૬ |
| ૨૨ | જી રે પગરણે વ્હેલા પધારજો | ૨૮ |
| ૨૩ | રાધા ને કૃષ્ણ બન્ને ચઢ્યાં વરઘોડે | ૨૯ |
| ૨૪ | જી રે એકાદશી મહા સુદની | ૩૨ |
| ૨૫ | તુલસી વિવાહ | ૩૪ |
| ૨૬ | કુવાને કાંઠે બે સાધુ વૈરાગી | ૩૭ |
| ૨૭ | રાજા જનકને માંડવે | ૩૮ |
| ૨૮ | આજ ગયાં તા સખી રામસભામાં | ૩૯ |
| ૨૯ | એવું સાંભળી સીતાજી કહે | ૪૦ |
| ૩૦ | એના વિરલા કોઇ વાંચનહાર | ૪૪ |
| ૩૧ | રામ લક્ષ્મણ વન સીધાવ્યા | ૪૫ |
| ૩૨ | મંડપ ખંભ સોના તણાં રે | ૪૮ |
| ૩૩ | સદ્દગુરુજી લગ્ન લઈ આવ્યા | ૫૦ |
| ૩૪ | નવલખી રે નવલશાને કાજ | ૫૨ |
| ૩૫ | વનવગડામાં ઝાઝેરી ઓરડી | ૫૩ |
| ૩૬ | ધન ઘડી ધન દહાડો રે | ૫૩ |

| ક્રમ | ગીત | પા. નં. |
| --- | --- | --- |
| ૩૭ | સખી રે આજ આનંદ મારે ઉલટયો | ૫૪ |
| ૩૮ | સજની રે સાથે વેવા કીધાં | ૫૬ |
| ૩૯ | આ તીરે ગંગા ને પેલી તીરે જમના | ૫૭ |
| ૪૦ | ઊંચી નીચી મેડી મારા વીરાની હવેલી | ૫૮ |
| ૪૧ | આજ મારે આંગણિએ | ૫૯ |
| ૪૨ | ઊંચા ચારા ચંદન ચોકઠાં રે | ૬૦ |
| ૪૩ | હરિને ભજતાં હજી કોઈની લાજ | ૬૦ |
| ૪૪ | મારો સોનાનો મારો રૂપાનો | ૬૧ |
| ૪૫ | કોણ રાયની તુળસીને કોણ રાયના માગા | ૬૨ |
| ૪૬ | આ વર કન્યાનું સુંદર જોડું | ૬૩ |
| ૪૭ | વીરા ઘોડીના થાવ અસવાર રે | ૬૪ |
| ૪૮ | હંસ તારી સોનાની ચાંચ રૂપાની ચાંચ | ૬૬ |
| ૪૯ | મન તું આવ્યું તું કયાં રે અથડાય | ૬૭ |
| ૫૦ | તું તો ચુંદડી ઓઢી લે | ૬૮ |
| ૫૧ | ચારેવ ભાઈઓને ઘોડલાની હોંશ | ૬૮ |
| ૫૨ | કેસરીઓ જાન લાવ્યો રે | ૭૦ |
| ૫૩ | આવો...વહુ રાણી ભરવા પડશે પાણી | ૭૧ |
| ૫૪ | ખંભાતે ઘડો રે બાજઠડો | ૭૧ |
| ૫૫ | જોવા ગુલાબ ફૂલના ગોટા | ૭૨ |

| ક્રમ | ગીત | પા. નં. |
|---|---|---|
| ૫૬ | તાંબાની કથરોટમાં ભરીએલાં ખાજા | ૭૩ |
| ૫૭ | શ્રીમંત વખતે ગવાતું ગીત | ૭૪ |
| ૫૮ | પીઠી વખતે ગવાતું ગીત | ૭૫ |
| ૫૯ | ધોળ-વર કન્યા પરણી ઊઠ્યા પછી | ૭૬ |
| ૬૦ | હંસ રાજા વાવલીયા ખોદાવે રે | ૭૭ |
| ૬૧ | અમદાવાદી પાન મંગાવો | ૭૮ |
| ૬૨ | મઘમઘ કરતી વેણીઓમાં | ૭૯ |
| ૬૩ | હૈયામાં હરખો સમાવતા હો | ૮૦ |
| ૬૪ | ગોરા ગોરા રૂપને હો એની | ૮૧ |
| ૬૫ | મારા સંપતીયા વેવાઈ | ૮૨ |
| ૬૬ | અમો ઘેર મોસાળીયા ભલે આવ્યા રે | ૮૨ |
| ૬૭ | મારી લાડકવાયી જાય | ૮૩ |
| ૬૮ | આજ ઘડીની રાતે એની | ૮૪ |
| ૬૯ | કારતક માસે બેસતું વરસ | ૮૪ |
| ૭૦ | તુલસીના કયારામાં કંકુના છાંટા | ૮૬ |
| ૭૧ | સમજુ બાળકી જાય સાસરે | ૮૭ |
| ૭૨ | તારલે મઢેલો મંડપ હશે | ૮૯ |
| ૭૩ | એક પરદેશી પોપટની સાથ | ૯૦ |
| ૭૪ | પંખીડા ઓ પંખીડા.... | ૯૦ |

| ક્રમ | ગીત | પા નં. |
|---|---|---|
| ૭૫ | મૈયર છોડીને બેની સાસરીયે જાય | ૯૧ |
| ૭૬ | સોનેરી સાડલો પહેરી લ્યો રે બેની | ૯૨ |
| ૭૭ | દીકરી તું સાસરીયામાં જઈને | ૯૪ |
| ૭૮ | સ્નેહી માતા પિતા સાંભળો | ૯૫ |
| ૭૯ | કહું છું આજ ઘડીની રાત... | ૯૬ |
| ૮૦ | મારી લાડકવાયી જાયા | ૯૬ |
| ૮૧ | જનેતાએ દીકરીને શણગારી સાસરે | ૯૭ |
| ૮૨ | એ મેરે દિલ કી દુઆએ લેતી જા | ૯૮ |
| ૮૩ | બેની જાવોને સાસરીયે | ૯૯ |
| ૮૪ | બાબુલ કી દુઆએ લેતી જા | ૧૦૦ |
| ૮૫ | હાં....બેનીના લગ્ન આવ્યા ને કાંઈ | ૧૦૦ |
| ૮૬ | હાર પહન કે બેની દુલ્હન બન ગઈ | ૧૦૨ |
| ૮૭ | કભી ખોલેના તિજોરી કા તાલા | ૧૦૩ |
| ૮૮ | બેન મારી મોગરાની કળી | ૧૦૪ |
| ૮૯ | બેની તારા પાનેતરમાં | ૧૦૫ |
| ૯૦ | આજ મારી બેની જાય સાસરે | ૧૦૬ |
| ૯૧ | મોગરાની કળી બેની સાસરીયે જાય | ૧૦૭ |
| ૯૨ | બેના રે...સાસરીયે જાતા જો જો | ૧૦૮ |
| ૯૩ | હાથમાં નાળિયેર રે | ૧૦૯ |

| ક્રમ | ગીત | પા. નાં. |
| --- | --- | --- |
| ૯૪ | ખોટ પડશે હવે તારી રે | ૧૧૦ |
| ૯૫ | તારા પિતાની લીલી વાડી | ૧૧૧ |
| ૯૬ | બેના હો પ્યારી બેના | ૧૧૨ |
| ૯૭ | ગંગા રે જમનાના નીર મંગાવે | ૧૧૩ |
| ૯૮ | મારી બેનીની ચૂંદડી સવા લાખની | ૧૧૪ |

## કંકોતરી — મોસાળા વખતે

કંકુ છાંટી કંકોતરી મોકલી કોડે
કહાવે સુભદ્રાબેન વીરા વેલા આવજો ....

કૃષ્ણજી ને બલિભદ્ર બેઉ બંધવા
તમો આવો તો થાય સુખચેન,

ભત્રીજા છે સૌ મન ભાવતા
પવિત્ર પિતા છે વાસુદેવ,

પનોતાં પિયર પરિવાર છે
નિરખતાં વધશે સ્નેહ...વીરા૦

મેં તો પ્રેમે પગરણ માંડીયા
રૂડો જગન રચ્યો રાજ સ્નેહે,

એક પત્રિકાએ વ્હેલા આવજો
સજન કુટુંબ પરિવાર,

ભાઈ ભાંડુ હમારી ભાભીઓ
સોળ સહસ્ર એકસોને આઠ,

વીરા થોડું કહ્યું માનજો
મારે વીરાનો છે આધાર....વીરા૦

—૧

જગત જનની દેવકી ને રોહીણી
ભાઈ ભવ તારણ એવા વીરા,
અમોને તમો વિના વ્હાલું નથી
કુળવંતું ગુણવંતું ગામ,
રૂડી રખમણી જેને મન વસ્યા
ઠકરાણીના જુઓ ઠાઠ,
જેઠ દિયર છે કોડામણાં
નિત જપે છે તમારાં નામ....વીરા૦
પાંચ પાંડવના તમે વીરા
સૌનું કલ્યાણ કારણ દેવ,
એકી રે બાંયે જશ સાચો
કર્યો શેષનાગને પાર,
દુઃખ જાશે રે આ દેહનાં
દેખતાં દેશમાં વધશે,
વેદ વાદી વિષને લાવજો
બીજી અનેક ઉત્તમ વરણ....વીરા૦
સંગે જાદવ સર્વને તેડજો
સ્વજન કુટુંબ સર્વ સાથ,

મારા સસરાને લાડીલો દિયર
મારી સાસુને અમર ચીર,
મારા જેઠને કરજો જોડ ધોતીયાં
જેઠાણીને રેશમના ચીર,
મારા દિયરની લાવો પામરી
દેરાણીઓને સાડીઓની જોડ ...વીરા૦
મારી નણંદને લાવો ચૂડી
મારા નણદોઈને વીરા ઝુલ.
મારી ગેડીને લાવો વીરા ઢીંગલા
કુંવરીયા રાતો મોડ,
વીરા ઘરમાં ઘોડીનો વીરો હસતો
જેને મોતીડે જડી પલાણ,
મારા જેઠ આવ્યા જેઠાણી સુત
એક ન આવ્યો માડીનો જાયો ...વીરા૦
હું તો ઊંચી ચઢું ને નીચે ઉતરૂં
હું તો જોઉં મારા વીરાની વાટ વીરા૦
મારી નણંદ સરખા બોલીયા
ભાભી ના આવ્યા તમારા વીરા,

મારા દિયર વધામણી લાવ્યા
ભાભી આવ્યા તમારા વીરા....વીરા૦
વીરા દ્વારિકાથી ગાજ્યો ગડગડીયો
વસ્યો હસ્તિનાપુર મેહ
હવે તોરણ માંહે ઝબકીયા
વળી સળકયાં ઘોડીના સીન
હવે ઝળકયા વીરા માથે મોડિયાં
હવે ઝળકયાં ભાભીના ચીર
વીરા આવ્યા ને વાડીએ ઉતર્યા
બેન તેડવાને જાય....વીરા વ્હેલા આવજો.

---

પ્રભુજી વિના મારે પલક ની ચાલે
વેણુની વાત વધારી મારે વ્હાલે૦
ધન્ય વિધાત્રા એ વર માગુ'
તો બળવ'ત ઝીલું માવડી રે૦
સાંભળ મામા એ વર રૂડો
જેની રે દષ્ટિએ સ'સાર રૂડો
નાનો છે પણ પરાક્રમે પૂરો તો
રૂડો અવિચલ ચાંદલો રે૦

મોહની રે માડીને નીરમુખ જોતી
હું રે ફરૂં રંગ રસીયામાં જોતી
એ વર નજરેની આવે બીજો કોઈ
તો હું મોહી ગોકુળ ગામની રે૦

જોષીડા તેડાવીને જોષ જોવડાવો
ઘડીઆરા લગ્ન લેવડાવો
વાત વિવેકીને એને વધાવો
તો કહાવ જશોદા નંદને રે૦

ધોળીડાં તેડાવીને ધોળ ગવડાવો
નવરંગ તણી ચોરી ચિતરાવો
ચોંપેલા ખૂપને ખંતે લખાવો
તો હરીને ઠરાવું મુજને કારણે રે૦

મારા પિતાજીને લક્ષ તમારૂં
જો બાઈ ભાગ્ય ફરશે તમારૂં
પહોંચંતા પહોંચંતા કોડ અમારા
તો રણછોડ બોલ્યા કર ગ્રહીં રે૦

રાધાજી રે ઘણું હરખ્યાં છે મન
આજે અમારો અવતાર ધન્ય
પ્રગટયાં પૂર્વ જનમોનું પૂન્ય
તો પૂરણ બ્રહ્મને પરણીએ રે

મારા રે મનમાં હતી એક વાત
તે તો મેં જાણી જદુ રે નાથ
જન્મો જન્મ તમારી સાથ
તો પૂરણ બ્રહ્મને પરણીએ રે

અંતરીક્ષથી બહુ વાજા રે વાગે
જાણે ગગનમાં મેવલીયો ગાજે
દેવતા આવ્યા વધાવવાને
તો પૂરણ બ્રહ્મને પરણીએ રે

સહુ સખીઓ મળી બેઠાં છે ટોળે
નંદ જશોદાએ લીધા છે ખોળે
વલ્લભ ઉભા વાવજ ઢાળે
તો પૂરણ બ્રહ્મને પરણીએ રે.

સંતો સાથમેં તુલસી હાથમાં બોઢાણો હરિજન
માઝ રે ચઢી મહારાજઆ રે ત્યારે પોતે થયા પ્રસન્ન
પ્રભુજી પધાર્યા હરિ હૈયામાં હરખે વધાવ્યાં

ચોટે ચાલવું મારગે માલવું શામળીયો છે અજાણ
બોઢાણા સાથે પ્રભુજી બોલ્યા રે હું તો આવું તમારી સાથ
પ્રભુજી પધાર્યા હરિ હૈયામાં હરખે વધાવ્યાં૦

બળદ છોડ્યા વેલેરા જોડ્યા આવ્યા તે મારગ માંય
એક દીઠો લીલો લીમડો રે મારા હરિએ કીધો વિશ્રામ
પ્રભુજી પધાર્યા હરિ હૈયામાં હરખે વધાવ્યાં૦

ગુગરીઓ આવ્યા વણ બોલાવ્યા ને વઢવાનો વિચાર
દ્વારિકાથી ડાકોર આવ્યા રે એટલે ઉગ્યો છે સૂરજ ભાણ
પ્રભુજી પધાર્યા હરિ હૈયામાં હરખે વધાવ્યાં૦

ચંદન ચોરવા ત્રિકમ તોલવા લેવા ઝાઝેરાં મૂલ
હરિ તો હલકા થયા રે જાણે ફૂલ્યા જાવંત્રીના ફૂલ
પ્રભુજી પધાર્યા હરિ હૈયામાં હરખે વધાવ્યાં૦

દેરા ચણાવ્યા પાલખી બંધાવી થઇ છે લીલા લહેર
ગુગરીએથી ગોવિંદજી ઉપડ્યા રે એવો ભુદરજીનો ભાવ
પ્રભુજી પધાર્યા હરિ હૈયામાં હરખે વધાવ્યાં૦

આખા લીમડાંમાં એક ડાળ મીઠી
નજરે ના દીઠી સાંભળ સાચી વાત
કડવાશ એનો ક્યાં ગયો રે મારા હરિએ ઓઢાળ્યો હાથ
પ્રભુજી પધાર્યાં હરિ હૈયામાં હરખે વધાવ્યાં૦
સામું જોયું ને મનડું મોહ્યું નિરખ્યાં સુંદર શ્યામ
આશા તે રામની અહીં રહી રે
ગુગરીઓ ગયા પોતાને ગામ
પ્રભુજી પધાર્યાં હરિ હૈયામાં હરખે વધાવ્યાં૦

---

અનહદ ગડગડીઆ નીસાન રે
શૂન્ય મંદિરમાં નેજા ઝળકી રહ્યાં....
રવિ શશી ઉતારે છે લૂણ રે પરાપરથી પિયુજી આવી રહ્યા
જ્ઞાનની પાલખીએ બેઠાં અનુભવ ચમર ચાંપે કરી રહ્યા
સંત સિંહાસનમાં બિરાજ્યા મોતીડાના તોરણ ઝળકી રહ્યા
વિશ્વાસ વાડીમાં ઉતર્યાં રે પૃથ્વી ગલેચા મેલ્યા પાથરી
ગગન મંડલમેં તંબુ તાણ્યા રે ઝળહળ હીરા ઝબકી રહ્યા
વિશ્વાસ રૂપી તોરણે ચઢયાં પ્રેમ બાજઠડાં મેલ્યા પાથરી

જશ રે બંધુ કંઠે કરીયા બારે અઢારે ખૂંપ ઢળી રહ્યાં
અરસ પરસ માથરાં મેં આવ્યા
પ્રેમ પિતામ્બર છેડા ગાંઠી રહ્યા

મંગલ વરત્યાં છે બે ચાર રે લક્ષ ચોર્યાસી ફેરા ફરી રહ્યા
ચારેવ જુગમેં ચારેવ વેદમેં જશોદાના જશ ગાઈ રહ્યા.

રઘુનાથના સ્વામી સુંદર રે સઘળે ખોળા ભર ભરી રહ્યા.

## જાન વિદાય વખતે

ઉઠો ભીખુભાન વળાવોની જાન તમે તમારૂં રાખોની માન
ઉગ્યો છે સૂર્યને થાય છે તડકો તો કન્યાને વળાવીએ રે

નંદરાયને પામરીની જોડ બેસવા સારૂ આપ્યો છે ઘોડો
સૌ કોઇ મનના પહોંચ્યા છે કોડ તો કન્યાને...

નિલમ રંગ તણી એક રે સાડી જશોદાજીને પહેરવા કાઢી
પૂંઠે છે પહોળીને લાંબી છે સાડી તો કન્યાને...

રોકડ નાણાં આપ્યા અપાર જોવા મળ્યા છે સર્વે લોક
શેરીએ શેરીએ થાય હોહા હોહા...તો કન્યા...

રથ માફલીયા તૈયાર કીધા
વહેલ તણી ત્યાં તો લાગી છે વાર
એનો કહેતા નહિ આવે પાર તો... કન્યાને ...
સૌ સખીઓ મળી ગાય છે ગીત
વિવાહ તણી ભલી રાખી છે રીત
વલ્લભને વધાવજો પ્રિતે તો....કન્યાને....

---

લખે લંકા થકી સીતા સુંદરી હેતે બંને જોડા જોડી હાથ
પત્ર આવ્યો તમારો પ્રિતે ભર્યો...કાગળ લખે કામની
વ્હાલા વાંચી થઇ છું વિશ્રામ .. કાગળ...
પ્રાણ જીવન તમથી જુદી પડી,
ઘણાં દિવસ થયા ઘનશ્યામ....કાગળ
માટે મળવાને મન અકળાય છે,
ઘડી એક તો જુગ જેવી જાય....કાગળ
મારા નયણેથી નીરખું નાથજી,
સુતા રજનીમાં નયણાં ભરાય ...કાગળ
દેવે પાંખ આપી હોય તો પીઠમાં,
ઉડી આવું દેશાવર દૂર....કાગળ

નિત્ય નવીન વાત જો વાંચીએ,
જેથી પામીએ પૂરો પ્રમાદ .. કાગળ
મારા વ્હાલા તમારા વિયોગથી,
દિલ દાઝે છે દિન ને રાત...કાગળ
વાતો તમારી મીઠી મારા વ્હાલા રે,
પાસે બેસીને કરીએ વાત...કાગળ
હું તો મનમાંને મનમાં મુઝાવું છું.
કયાં જઇને કહું કોને વાત...કાગળ
તાંબા તે કૂંડી ઉંડી રે ઓપતી,
મહીં ભરૂં હું નિર્મળ નીર....કાગળ
બેસો બાજઠે થઢી મારા ચોકમાં,
સ્વામી નવડાવું ચોળી શરીર... કાગળ
રૂડી રીતે સરસ રસોઇ બનાવું,
પ્રીતે પીરસીને હું બેસું પાસ....કાગળ
એવો દિવસ કયારે દેખાડશો,
મારા અંતરની પૂરશો આશ ...કાગળ
સ્વામી તમો વિના પિયર ને સાસરૂં,
સુનો લાગે છે સઘળો સંસાર...કાગળ

મારા માથાથી મોંઘા તમે પ્રભુ.
મારા આત્માનો છે આધાર....કાગળ
આવા પરવશ દિન સુખ સદૈને,
હું શોકે ઉદાસી સદાય...કાગળ
વરસે મેઘ ને ઝબકે રે વિજળી,
મારા નયનોમાં નિદ્રા ન આવે...કાગળ
હું તો સૂની દેખું રે સુખ સેજડી,
ખાલી મંદિર ખાવા ધાય....કાગળ
ભરી વસ્તી ઉજ્જડ જેવી ભાસે છે,
એક તમો વિના ત્રિભુવનરાય...કાગળ
પત્ર વાંચીને વેલા પધારજો
સ્વામી શરીરના કરજો જતન....કાગળ
કોઇને દુઃખી દેખીને દુઃખ પામતા,
એવી નાથ તમારી ટેવ...કાગળ
આવા અવસરે કેમ કઠણ થયો,
તમે દલપતરામના શ્યામ...કાગળ

ફૂલડે તે ફગર ભરાવીયા રે બેસણ માંડ્યા પાટ
સંતો તો ભલે પધારીયા
હું તો જોતી તે જેની વાટ સોહંતો ભલે આવીયા૦
ચૌવા ચંદન અગ્ર કસ્તુરી ને રંગ બન્યો અતિસાર
કેસર કેરા કચોલીયા
જીરે ઊડે છે અબીલ ગુલાલ...સોહંતો....
પ્રેમ સહિત ભેટું સખીને રે ઊલટ અંગે ન માય
આજે ગોકુળીયું મારે આંગણે
ત્યાં તો આનંદ ઓચ્છવ થાય સોહંતો....
તાંબા તે કુંડી જલે તાતવ્યાને મુગરેલ ચલાણા હાથ
નાવણ કરાવું મારા સંતોને
હું તો આપું પિતામ્બર હાથ....સોહંતો...
બાવન ચંદન ઘસાવીયારે દર્પણ આપ્યા હાથ
તિલક બનાવું મારા સંતોને
હું તો લળી લાગું પાય...સોહંતો....
ભોજન પાયા બહુ ભાતના રે સેવ કરી કંસાર
ખાજા જલેબી ને લાપસી
મહીં ખટરસ ભોજન સાર...સોહંતો....

આરોગવાને ઉઠાડીયા રે પૂર્યાં મારે હાથ
ચરૂ પખાતને પાંતરે
હું તો લળી લળી આપું જલ...સોહંતો...

જમતા તે વદન વિસારીયા રે દીઠા વદન પ્રકાશ
મુખમાં ઇધિ વિધિ દેખીયા
તમે પ્રેમે લેવો પ્રસાદ...સોહંતો....

સેગા તે સેણુ પધરાવીયા રે પાનના બીડા આપ્યા હાથ
આરતી ઉતારૂં મારા સંતોની
હું તો મુખડાના જોઉં બલિહારી.. સોહંતો...

લવીંગ સોપારીને એલચી તમે પ્રેમથી કરો મુખવાસ.

---

જી રે સખીઓ તે સર્વ ટોળે મળ્યા,
ત્યાં ગાયે રે...(૨) ભલા મંગળ ચાર....આલા લીલા ભર્યાં
જી રે માંડવડો છાયો મોગરીએ,
ફૂલડીએ રે....(૨) ભલા ફગર ભરાય...આલા લીલા ભર્યાં
જી રે કનક મસ્તકે કેસર ભર્યાં,
ત્યાં ઉડે રે....(૨) ભલા અખિલ ગલાલ...આલા લીલા ભર્યાં

જી રે વાજા વાગે રે વિધ વિધના,
ત્યાં વાગે રે....(૨) ભલા ઢોલ નિશાન...આલા લીલા ભર્યા
જી રે અગર ચંદન ના રે છાંટણા,
મોતીડે રે...(૨) ભલા ચોક પૂરાય...આલા લીલા ભર્યા
જી રે ગોકુળીયું રે શણગારીએ,
શણગાર્યો રે....(૨) ભલા પરિવાર....આલા લીલા ભર્યા
જી રે નરસિંહ મહેતા એમ ભણે,
ધન હજો રે....(૨) ગોકુળ મેં વાસ....આલા લીલા ભર્યા

---

હું તો હરજી જોવાને નીસરી
મારા ગુરુજી રે....(૨) દીધો ઉપદેશ વ્હાલાજીને નીરખવા
મારે શીલ સંતોષ કલ્લાં કાંબીયા
પાયે ઝાંઝરનો ઝમકાર....વ્હાલાજીને નીરખવા૦
મેં તો સાવ સોનાનું લીધું બેડલું
મારી ઓઢણે રે....(૨) રત્ન જડાવું...વ્હાલાજી....
વ્હાલે બંસી બજાવી એના રંગમાં
એના ઘરમાં રે....(૨) ઘડી ન રહેવાય...વ્હાલાજી....

વ્હાલા શેરીમાં સામા રે મળ્યા
હું તો લળીલળી રે...(૨) લાગું પાય...વ્હાલાજી....
વ્હાલે ચૂંદડી ઓઢાડી પાકા રંગની
છેડે આત્મા રે...(૨) રામનું નામ...વ્હાલાજી....
હું તો ભરમાં ભૂલી રે સેંથો પૂર્યો
પૂરી દાસ રે...(૨) ગોપાલની આશ...વ્હાલાજી....

---

જીરે આજ લીલા રે દીનાનાથની
એને મોહ્યાં રે...(૨) સર્વે સંસાર હરિરસ મીઠડો
જીરે ગોકુળમાં રે હરિ અવતર્યા
ગોપીઓને રે....(૨) લડાવ્યા લાડ...હરિરસ....
વ્હાલે વેણુ વગાડી વન તેડીયાં
વૃંદા વનમાં રે...(૨) રચ્યો રાસ....હરિરસ....
જીરે ગોકુળ રાખ્યું રે રેલંતું
કેસરાય ને રે...(૨) કરવા કેર....હરિરસ....
હરિને પીળા પિતામ્બર ધોતિયાં
રાધાજીને રે....(૨) નવરંગ ચીર....હરિરસ....

હરિને મસ્તકે મુગટ સોહામણા
હરિને કુંડલને રે....(૨) ઝલકે કાન....હરિરસ....
હરિને કાને કુંડલ સોહામણા
રાધાજીને રે....(૨) નવલખ હાર...હરિરસ...
જી રે કંકુમાં કેસર ઘોળીયાં
રંગે ગાયે રે...(૨) નરસૈંયો દાસ...હરિરસ...

---

તું તો રામ રટણ કર રંગમાં
તારૂં જાય રે...(૨) જુવાનીનું જોર....
અવસર આવો નહિ મળે.
જી રે કાચો તે કુંભ જલે ભર્યો
તેને ફૂટતાં રે...(૨) નહિ લાગે વાર ..અવસર...
જી રે... કાચા સુતરનો રે તાંતણો
એને તૂટતાં રે..(૨) નહિ લાગે વાર....અવસર...
જી રે વાડી ખીલે ને ફૂલ્યો મોગરો
તેને કરમાતાં રે...(૨) નહિ લાગે વાર....અવસર....
જી રે બાજીગરે રે બાજી રચી
એને સમેટતાં રે...(૨) નહિં લાગે વાર....અવસર ...

જી રે પાંચ તત્ત્વનું રે પૂતળું
માંહી બોલનારો રે (૨) આતમ રામ...અવસર ...
જી રે ગગન મંડળમાં રે ચોરી રચી
ત્યાં પરણે રે....(૨) આતમ રામ....અવસર...
જી રે દાસ પ્રીતમની વિનંતી
અમને મળ્યો રે...(૨) છે સદ્ગુરૂ શ્યામ....
અવસર આવો નહિ મળે.

---

વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે
પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે૦
સકળ લોકમાં સહુને વંદે નીંદા ન કરે કેની રે
વાચ કાછ મન નિશ્ચલ રાખે ધન ધન જનની તેની રે૦
સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી પર સ્ત્રી જેને માત રે
જીવ્હા થકી અસત્ય ન બોલે પરધન નવ ઝાલે હાથ રે૦
મોહ માયા વ્યાપે નહિ જેને દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે
રામ નામ શું તાલી રે લાગી સકલ તીરથ તેના તનમાં રે૦
વણ લોભી ને કપટ રહિત છે કામ ક્રોધ નિવાર્યા રે
ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં કૂળ એકોતેર તાર્યાં રે૦

આટલો સંદેશો મારા સદગુરૂને કહેજો
સેવકના હ્રદયમાં રહેજો....સંદેશો મારા....
કાયાના દેવળ અમને કાચા રે લાગે
તેનો ભરોસો અમને દેજો....સંદેશો મારા....
કાયા પડશે ને હંસા કયાં જઇ સમાશે
તે ઘર બતલાવી અમને દેજો...સંદેશો મારા....
બ્રહ્મ સ્વરૂપ મારી નજરે ન આવે
તેના તે દર્શન અમને દેજો...સંદેશો મારા....
જનમોજનમ મારા રૂદિયામાં રહેજો
એવી તે વૃત્તિ અમને દેજો....સંદેશો મારા...
ધર્મદાસની અરજી સુણો રે ગોસાંઇ,
ભક્તિ ને મુકિત અમને દેજો....સંદેશો મારા...

---

ચાલો ભાઇ આપણે ભણવા જઈએ રે
નિશાળમાં ભણીને સમજણ લઇએ રે
બાળપણામાં કીરપા માબાપે કીધી રે
હેત ધરીને સારી શિખામણ દીધી રે૦
પુત્ર જયારે પાંચ વરસનો થાય રે
ત્યારે વિદ્યા ભણવા નિશાળે જાય રે૦

વિદ્યા ભણતાં બુદ્ધિ તો નિર્મળ થાય રે
જૂઠાથી તો સાચાની સંગાથે જઇએ રે૦
ચોરી ચાડી કોઈ તણી નવ કીજે રે
પડ્યું જડે તે માલ ધણીને દીજીએ રે
વાંકુ બોલી કોઇને દુઃખ નહિ દેવું રે
સંસારમાં સંપ કરીને રહેવું રે૦
શિખામણ માનીને સુખીયાં થઈએ રે
સતગુરૂનાં વચન વિચારમાં લઈએ રે૦

---

:— જાનના ઉતારા વખતે —:

રખોમણી લખી કાગળ મોકલે રે
દ્વારીકાના નાથ રે જાદવરાય કુંદનપુર મેં પધારજો રે૦
તે દિન ને કારણે રે તજી છે ભૂખ ને તરસ રે....
જાદવરાય કુંદનપુર મેં પધારજો રે૦
શામળીયા તમે સાંભળો રે
બાલપણાની પ્રીત રે....જાદવરાય....
શીશુપાલ સૈન્ય લઈ આવ્યા રે
અબળાની કરજો સંભાળ...જાદવરાય....

આંખલડી ઝૂમી રહી રે
ભક્ત વત્સલ ભગવાન રે જાદવરાય...
જશ તમારા સાંભળી રે
તૃપ્ત થયા મારા મન રે... જાદવરાય...
અવગુણ ઉર ધરશો નહિ રે
જોશો નહિ કંઇ જાત રે જાદવરાય...
હું છું જન્મોજનમની રે
ચરણ કમળની દાસી રે... જાદવરાય....
રઘુનાથના સ્વામી શામળા રે
અબળાની પૂરજો આશ રે... જાદવરાય...

---

સતગુરૂ સહાય કરો એક વાર રે,
મારો તો મૂરખનો અવતાર રે.

પત્થર કરતાં કઠણ હૈયું પ્રભુ મારું રે,
તેમાં તો નામ ન ભેદ તમારૂં રે.

સદગુરૂની વાત છે એવી વાંકી રે,
સદગુરૂએ પત્થર નાંખ્યા ટાંકી રે,
ટાંકીને મારગ મુગતા કીધાં રે.

સદ્ગુરૂએ મંત્ર અવિચલ દીધો રે,
જે કોઈ સંતને આસન આપે રે,
તેને વ્હાલો પોતાનો કરીને સ્થાપે રે.

જે કોઇ સંતને ધાઇ ભેટે રે,
તેને વ્હાલો જન્મ મરણ દુઃખ મટશે રે.

જે કોઈ સંતને ચરણે નમશે રે,
તે તો મારા ગુરૂ ગોવિંદને ગમશે રે.

આત્મા તો જ્ઞાન વિના ઘર સૂનું રે,
સગપણ શોધી કાઢો કાંઇ જૂનું રે.

જીવતું તો જોતો નથી કાંઇ જાગી રે,
મુઆ પછી મુકિત તેં શાની માગી રે.

એવી છે દાસ હરિની વાણી રે,
તે તો તમે રૂદિયામાં રાખજો આણી રે.

---

સજની રે તું તો સ્વપ્ન અંતર મન લાધ્યું રે
મારૂં મન તો નંદ કુંવર સાથે લાધ્યું રે
જાણે હું તો પાતળીઆ વર પરણી રે
એ તો મારા કયા જનમની કરણી રે.

આલા લીલા વાંસડીઆ વઢાવો રે
તેના રૂડા માંડવડા રચાવો રે
આવી રૂડી જાદવકુળની જાન રે
ભીખુભાન દે છે રે કન્યા દાન રે૦

હરજીએ હથેવાળો ત્યાં સાંધ્યો રે
કંઠ મહીં આરોપી છે વરમાળા રે
એકઠા મળી આરોગ્યો કંસાર રે૦

માનુનીઓ મંગલ ગાય છે ચાર રે
કંકુ કેસર વર્ણી છે ત્યાં ઘણી આડ રે
તિલક તો ધર્યો છે લેલાટે રે૦

જાણે હું તો જશોદાજીને પાયે લાગી રે
એટલે તો ઝબકીને હું જાગી રે૦

પૂરણ પુન્યે એ વર પામી રે
ભલે મળ્યા મહેતા નરસૈયાના સ્વામી રે૦

---

મારે આંગણે વાયુ શું બોલિયા
હું તો જોઉં મારા વ્હાલાની વાટ....ગોવિંદ ઘરે આવ્યા૦

જીરે પાથરણા પથરાવું પ્રેમના
મહીં પધરાવું સુંદર શ્યામ....ગોવિંદ૦
જીરે મોતીના ચોક પૂરાવીએ
ચંદરવા બંધાવું ચોફેર....ગોવિંદ૦
જીરે મેવા મંગાવું રે મીઠડા
દૂધ સાકરનો કીધો રંગ...ગોવિંદ૦
જીરે કંકુમાં કેસર ઘોળીયાં
તરીયા તોરણે બંધ શૃંગાર...ગોવિંદ૦
જીરે અંગ ફરકે રે માહેરા
પાયે મળવા કેરાં મન....ગોવિંદ૦
જીરે જુગમેં કોઈ નથી દેખાતું
ચાલ્યા પ્રતાપજી રે રાય...ગોવિંદ૦
જીરે જપ તપ જગ માંહે થયા
પધારીયા તે પૂરણ નાથ...ગોવિંદ૦
જીરે વ્હાલા જાણે વ્રજનાર ને
ગુણ ગાઇએ નરસૈંયા દાસ....ગોવિંદ૦

હરિના મંદિર છે અતિ સારા રે
તરીયા તોરણ છે મોતીઆરા રે
તકીયા ને ગલેચા છે સારા રે
મહીં બેઠા છે નંદજીના લાલા રે

નંદજીએ તે શા પુન્ય કીધાં રે
પુત્ર જન્મીને મહા સુખ લીધાં રે
ધન ધન રે એ ગોકુળ ગામ રે
મારા વ્હાલે કીધો વિશ્રામ રે૦

ધન ધન એ ગોકુળની ગાયો રે
મારા વ્હાલાજી ચારવા જાય રે
ધન ધન એ જમનાનાં નીર રે
મારા વ્હાલે પખાળ્યા શરીર રે૦

ધન ધન એ વ્રજની ગોપી રે
જાદવકુળની લજ્જા લોપી રે
ધન ધન એ જમનાની રેતી રે
હરિના ચરણ કમળ રજ લેતી રે૦

ધન ધન એ વનના મોર રે
હરિના મુગટે ચઢીયા રણછોડ રે

ધન ધન એ નરસૈંયા દાસ રે
મારા વ્હાલે રમાડ્યા રાસ રે૦

---

:— ઘોડી —:

ઘોડી વરઘોડો ગાયે રામચંદ્રનો રે
કીરપા કરો રે સરસ્વતી માતા
મુજ રંકની રાખોની લાજ—રઘુનાથજીની ઘોડલી.
ઘોડી હંસા રે રઘુનાથની રે,
લક્ષ્મણ લીલી પેહરો અસવાર રે
ઉમેદ ભરથાર વરઘોડે ચઢયા,
એવા ચતુર સુજાણ અજાણ...રઘુનાથ૦
ઘોડીને મોઢે મોતી જડયા રે,
કંઠે મુકતા તે ફળનો હાર રે
ઝીણા ઝીણા રત્ન સોહામણા રે,
તેના તેજ તણો નહિ પાર રે...રઘુનાથ૦

નયણે તે કાજળ સાર્યાં રે,
હરિ સેંથે તે રસીયો સીંદુર રે
ધન ધન જનક તારે આંગણે,
જીરે મોતીડા તપે રે લેલાટ....રઘુનાથ૦

રઘુવર પરણવા સીધાવ્યા,
હરિ મસ્તકે ભર્યાં ખૂંપ રે
વર બેની લેશે ઓવારણા, માતા
કૌશલ્યાએ બાંધ્યો છે મોડ....રઘુનાથ૦

રઘુવર તોરણે આવ્યા રે,
સાસુ પોંકવા વેલેરી ચાલ રે
ધન ધન જનક તારે આંગણે,
ત્યાં તો રામચંદ્રજી પોંકાય....રઘુનાથ૦

રઘુવર માયરામાં આવીયા રે,
હરિ બેસણ સોનાના પાટ રે
સામા પધરાવોની જાનકી રે,
કંઠે આરોપી વરમાળ...રઘુનાથ૦

ભલા છબીલા સહુ શોભતા રે,
હરિ સસરાજીને દરબાર રે,
જાન જમાડો રઘુનાથની રે,
ત્યાં તો તુલસીદાસ ભલે ગાય રે....રઘુનાથ

---

જી રે પગરણે વ્હેલા પધારજો
સધારજો રે સુધારજો સેવકનાં કામ–પગરણે....
જી રે તમો વિના સર્વ શોભે નહિ
ઘણું લોભે રે ઘણું લોભે મળવા મન
જી રે...વ્હાલાની જોઉં છું વાટડી
પાવન કરજો રે પાવન કરજો અમારાં ધામ૦
જી રે...અબલાની આશા પૂરજો
ઘણું શું કહીએ રે ઘણું શું કહીએ પ્રાણાધાર૦
જી રે....રામ કૃષ્ણ પ્રભુજી રંકને
વ્હાલા પૂરજો રે વ્હાલા પૂરજો મનની આશ૦

---

ગંગા રે જમનાનાં નીર મંગાવો
વર વનમાળીને સ્નાન કરાવો
કેસરીયા વરને સોળે શણગારો તો વરઘોડે વર શોભતો રે૦

પાઘડીએ સોના સેર બંધાવો ફૂમતડાં લટકાવો
બંધુવરને ખૂંપ ઢાળાવો તો ...વરઘોડે....

શ્રીફળ ફોફર ઝાલ્યા છે હાથ તો મોડ બાંધી જશોદા રે માત
રામન દીવડો ઝાલ્યો છે હાથ તો... વરઘોડે....

ગોકુળમાં સહુ જોવાને મળ્યાં રૂપ દેખીને સૌનાં મનડાં રે ઠર્યાં
વલ્લભનું મન આનંદે મળ્યું તો...વરઘોડે...

:— જુગલા સ્વરૂપ —:

રાધા ને કૃષ્ણ બન્ને ચઢ્યાં વરઘોડે
માંડવડો વધાવ્યો છે કોડે

કેડે બેસી બન્ને જાય છે જોડે તો....
જુગલા સ્વરૂપ સધાર્યાં રે૦

નંદ જશોદાનાં પગલાં પનોતાં
ગાતાં ને વાતાં પાદરે પહોંચ્યા
વળાવી આવ્યા સર્વે સમોતાં તો...જુગલા...
વેવાઈ ભેટ્યાં છે આનંદ આણી,
ભેટંતાં ભેટંતાં બાથ્યાં છે તાણી
મશકરીમાં હસ્યા સૌ પ્રાણી તો...જુગલા...
આપ્યું છે દાન ને લીધું છે દામ
છોડાવ્યાં નંદરાય વૃષભાન
સંગાતે મળીને ચાલી છે જાન તો....જુગલા....
કેડે બેઠા તેનું દાન જ આપ્યું
જન્મો જનમનું દરિદ્ર કાપ્યું,
આનંદે ઊલટીને સર્વને આપ્યું તો... જુગલા...
કેડેથી વર વધૂ બેઠાં રથ માંહી
તેત્રીસ કરોડ સ્તુતિ કરે ત્યાંય
સાસરિયામાં લાગજો સહુને પાય...જુગલા....
પાછળથી સૈયર સહુ વળાવીને આવ્યાં
જળ જમનાના ભરીને લાવ્યાં
કયારે દેખીશું બેન હવે મન ભાવ્યાં...જુગલા...

પાછી ફરી જુઓ મારી બહેની
સગા કુટુંબ કહે દર્શન દેની
રાધાજી બોલ્યા અંતે હું એની તો....જુગલા..

હાંકો રથ રહ્યાં સહુ શોભી
રાધા કૃષ્ણ પર રહ્યાં છે લોભી
ગોકુળ ગામ રહ્યું સર્વ શોભી તો...જુગલા...

કુંવર પરણાવીને નંદ ઘેર આવ્યા
સુંદર નાર પદ્મણી લાવ્યાં
સોનાના ફૂલડે સર્વે વધાવ્યાં તો...જુગલા....

શશિ કોટી ઉપમા રે જેને નંદજીનો લાલો પરણ્યો તેને
બેની કહે બેઉ હાથ રે સાઈ વીરાજી હું તમને જવા ન દઉં
મન માનીતું માગીને લેવું તો....જુગલા....

વર વહુ બન્ને બેની સમજાવે
બેની કહે રે મારૂં મનડું મનાવે
સાચું કહીને મંદિરમાં આવે તો...જુગલા....

વર વહુ બન્ને મંદિરમાં આવ્યાં
છાંટણ છાંટ્યાને ગોત્રેજ બેઠા
ઘી ગોળ મૂખે કીધાં છે મીઠાં તો....જુગલા ..

નાથ ઝાલે તેને ભેંસને પાળી
છેડા ઝાલે તેને સુંદર સાડી
એટલે નવ રીઝું મારી માડી તો....જુગલા....
માડી કહે બેની સાંભળ વાત
વચન સુણીને પ્રમાડે ભ્રાત
પૂરણ બ્રહ્મા મારો ભ્રાત તો....જુગલા....
પ્રભુજી પરણે ત્યાં શું રે બિરાજે
દુર્બળ દાન વીરા કેમ રે લાજે
ભક્તિ વિના મારૂં મન રીઝે તો....જુગલા...
વેવા પૂરણ થયા પ્રકાશ સમે જે હું માગું રે પાસ
વલ્લભ જનમોજનમ પાસ તો જુગલા....
નિરખીને વલ્લભ થયો છે આનંદ...જુગલા...

:— પીઠી વખતે —:

જીરે એકાદશી મહા સુદની
ત્યાં દિવસે હોયે વેવા મેદની
ત્હાં સંત સર્વે હોયે નોતરા
એવા વિવાહના નીપજે છાંટણા૦

ચઢયો ફૂલ કેવળ બહુ બારણા
બ્રહ્મા બાંધોની તરીયા તોરણો
ત્હાં ઘેર ઘેર ઘોડીએ ઉછરે
મળ્યાં સુરીનર ત્રિભુવન રાજીયાં.
ત્હાં પાંચ શબ્દ ઘણાં વાગીયા
મળ્યાં સુરીનર ધવલ દે અતિઘણાં
હરિની જાન આવી રળીયામણી
અતિ હરખે તે માગે વધામણી
હરિની જાન પહોંચી જાનૈયા વાસમેં
ત્હાં જાનૈયા પોંકયા વાસુદેવને
ત્હાં ફૂલ તંબોળ સામાન હોય
ત્હાં અપ્સરા નાચે ઓચ્છવ હોય
ત્હાં ઘડિઆરા લગ્ન રહ્યા સાંધ્યા
વર ને ખૂંપ ભર્યો સર્વે આનંદે
હવે લાડીને મોકલો સુઘડી
ત્હાં લગ્ન ઘડી રહી ઢુંકડી
ત્હાં સમો વરતે સાવધાન રે
ત્હાં મધુ યતે હોયે અર્થ માનદે
હવે લગ્ન સમયે કન્યાએ કર ગ્રહ્યો.

## તુલસી વિવાહ

પરથમ શ્રી ગુરૂને શીશ નમાવીએ
વળતી તુળસીના વિવાહ મલાવીએ૦
આવ્યો અધૂરો અમૃત રસ પીજીએ
હરિને હરખે બ્રહ્માનંદ લીજીએ૦
અખંડ તે આરંભ કીજીએ
ગુણ ગાઇને લ્હાવો લીજીએ.
આવ્યો શ્રાવણ માસ ગંભી રહ્યો
ભલા વરસે તે નિર્મળ નીર
રૂડા ભીંજે તે ચોરીના ચીર
આવ્યો ભાદરવો ભર માસ રે.
હરિ પૂરે તે મનની આશ રે...
રૂડા તુળસીના કયારા બંધાવીએ
માંડવ ઘડનાં તે તુળસી મંગાવીએ
રાતી પીળી ગોરમટી મંગાવીએ.
ગંગા જમનાના નીર મંગાવીએ....
વારૂં જતન કરીને રોપાવીએ.

તુળસી માતા તે લેરે જાય રે
અરધી મરધી કચોલો ભરાવીએ
શામળીઆને વાને બેસાડીએ....
સુવાસેણ ચાર તેડાવીએ
પીઠી હરજીના અંગે ચઢાવીએ
ત્યાં સોનાના સ્થંભ રોપાવીએ
ફરતી ફૂલની ઝારીઓ ગુંથાવીએ....
ઉપર રૂપાની વાળીઓ ઢોળાવીએ.
ત્યાં ચીર ચંદરવા બંધાવીએ
ત્યાં થાશે તે ચોરી સાંતેક રે
શામળીઆ ગોરમટી મંગાવીએ...
ગંગા જમનાના નીર મંગાવીએ.
ચારૂ સુંદર ચોરી રચાવીએ
મહીં ઘી જવ તલ હોમાવીએ
ચાની દેવતા તે તરપત થાય રે...
સૌ નારીઓ મંગલ ગાય રે.
સોવાસેણ ચાર તેડાવીએ
પીઠી હરજીને અંગેથી ઉતારીએ

ઉઘલાવ્યા તે શ્રી મોરાર રે...
પહેરાવ્યા તે સોળે શણગાર રે.
હવે જીયાવરને ઘોડલે ચઢાવીએ
બેઉ પાસે તે ચમર ઢોળાવીએ
શિર ઉપર છત્ર ધરાય રે...
રૂડી જાન હરિની જાય રે.
જાનમાં તો બ્રહ્મનાદ બોલાય રે
જાન હરિની જાનૈયા વાસમેં ઉતરી
સૌના હૈયે આનંદ થાય રે
વર ઉઘલી તોરણે આવ્યા
સાસુ વરને પોંકવા જાય રે....
વર પોંકી મંડપમાં લાવ્યા.
હવે કન્યાને માયરામાં લાવ્યા
વર કન્યાને હાર પહેરાવીયા
વર કન્યાને હસ્ત મેળાપ કરાવીયા
લક્ષ કોટી બ્રહ્માંડ સહુ પરવરીયા૦

## પ્રભાત

કુવાને કાંઠે એ સાધુ વૈરાગી,
એની મને પાણીલા પાવો રે
રાસ ટૂંકી રે મારો ઘડુલો ના ડૂબે,
કેમ કરી પાણીલા પાઉં રે
ચીર ફાડીને બેનીએ રાસ ગંઠાડીયા,
સાધુને પાણીલા પાવા રે
કંઠી બાંધો તો એની પાણીલા પીએ,
નુગરા જળ નવ લઈએ રે
કંઠી બાંધી રે બેનીએ પાણીલા પાયા,
સાધુને તૃપ્ત જ કીધાં રે
બેડું લઈ રે વહુજી ઘેરે રે આવ્યા,
સાસુ ઉભેલા બહાર રે
કંઠી તોડો તો વહુજી ઘરમાં રે પેસો,
વાડામાં ઝુંપડી બાંધો રે
કંઠી ના તોડું તારા ઘરમાં ન પેસું,
પાદરે ઝુંપડી બાંધુ રે

ઝુંપડી ઉડીને આકાશ ગઇ,
કંચન મહેલ બંધાયો રે
ભલે મળ્યા રે મહેતા નરસિંહના સ્વામી,
ગોપીઓ આનંદ પામી રે.

## ધોળ

રાજા જનકને માંડવે ભાવે મળ્યા છે ભૂપ
સીતા બેઠાં રે બારીએ નિરખ્યાં રામચંદ્ર રૂપ....રાજા
કન્યા કહાવે રે તાતને જે રાય તોડે તંબક
એવા પણ લીધાં રે તાતને તેને આપું કન્યાય....રાજા
અયોધ્યા નગરીનો રાજીયો રઘુવર રૂપે રસાળ
એણે તંબક તોડયા ઉતર્યા મહિપતના માન...રાજા
તંબક તણા કટકા કર્યા ચમકયો પાતાળી નાગ
પરશુરામ ઝબકીને જાગ્યા પ્રગટ્યો ક્ષત્રિયનો વેશ....રાજા
દેવ ડંકા રે વાગ્યા, વર્યા ઇશ્વરને દ્વાર
વાજા વાગે રે વિધ વિધના રઘુવર પરણવા જાય...રાજા
રઘુવર તોરણે આવ્યા સાસુ પોંકવા જાય
અંતર પટ આડા ધર્યા માનુની મંગલ ગાય...રાજા

જુસલ મુશળ રવૈયો ચર્યો સંપૂટને ત્રાક
ઇંડી પીંડી રે ઉછાળીયા નિરખ્યા સાયને નાક ...રાજા

રઘુવર માયરામાં આવ્યા બેસણુ સોનાના પાટ
સામા પધરાવોને જાનકી ઓઢણુ નવરંગ ગાંઠ....રાજા

ઋષિએ હથેવારો મેળવ્યો કંઠે આરોપી વરમાળ
ઘુંઘટ મેં નિરખ્યા નાથ જોયા જોયા રામચંદ્ર રૂપ...રાજા

ઋષિએ મંગળ વરતાવીયા સાસુ પીરસે કંસાર
જનક હૈયામાં હરખ્યા આપ્યા ગર્થ ભંડાર....રાજા

વેદની ધૂન વિપ્ર ભણે પરણ્યા સીતાને શ્રી રામ
આનંદ ઓચ્છવ અતિ ઘણા સાર્યાં સેવકના કામ....રાજા

મોહી રહી નગરની નારીઓ જોયાં રામચંદ્ર રૂપ
અયોધ્યા નગરીનો રાજીયો દીઠા અકળ સ્વરૂપ ...રાજા

## પ્રભાત

આજ ગયાં તા સખી રામસભામાં
પોસલીએ રસ પાયો
પહેલો પ્યાલો મારા ગુરુજીએ પાયો,
બીજે પ્યાલે થઇ છું ઘેલી....

ત્રીજો પ્યાલો મારા રોમે રોમે પ્રગટ્યો
ચોથે પ્યાલે ચકચૂર....
રસબસ થઇ છું સ્વામી રસીયાની સાથે
હવે ના જાઉં બીજી વાટે...
મોટા યોગેશ્વર એનો મર્મ ન જાણે
તે મારા મંદિરમાં મ્હાલે
અગમ અગોચર હરિને જોહર જાણ્યા
બ્રહ્માએ વેદ વખાણીયા....
પ્રેમ સોહાગણ મારા ગુરૂજીએ કીધા
અખંડ હેવાતણ અમને દીધા
ભલે મળ્યા રે મહેતા નરસૈયાના સ્વામી
ગોપીઓ આનંદ પ.મી...હરિરસ

## પ્રભાતીયું

એવું સાંભળી તાજી કહે સુણો સુંદર શ્યામ સુજાણ,
પ્યારા મારા પ્રાણ સાથે રાખો સ્નેહથી•
જુદા પડવાની વાત વ્હાલા કરો
તે તો બોલ લાગે તીખા બાણ
રઘુકુલ ભાણ સાથે રાખો સ્નેહથી•

સ્વામી જ્યાં તમે ત્યાં ઘર માહેરૂં,
તમથી વેગળી તે પરદેશ
હું જાણું હંમેશ સાથે રાખો સ્નેહથી૦

તમે જોગીનો વેશ જો ધારશો
તો હું ધારીશ જોગણુનો વેશ
જટા કરૂં કેશ... સાથે રાખો૦

સ્વામી તમે સુખી તો સુખ માહેરૂં,
તમે દુઃખી તો દુખ મારે દેહ એમાં શો સંદેહ
જે કોઇ પરણ્યા પછી રહે પિયરમાં
અવતાર બળ્યો ધીક એહ
સુ આ જે વી દે હ...સાથે૦

સ્વામી તમો વિના મંદિરને
માળીઆ ભાસે મોટા પર્વત મેદાન
વ સ્તી તો વે રા ન...સાથે૦

મહા વનમાં ભરી વસ્તી ભાસે છે
જ્યારે પામીશ દર્શન દાન
કે કૃ પા નિ ધા ન સાથે૦

સાસુ સસરા ને માતપિતા સહુ ભલે જીવી રોક રૂડા રાજ
મ ને મ હા રા જ....સાથે૦
સ્વામી શું કરૂં ભાઇ ભોજાઇને,
સ્વામી શું કરૂં સૈયર સમાજ
કો ઇ નું ન થી કા જ...સાથે૦
સાચું સગપણ જગમાં સ્વામી તણું
બીજો સ્વાર્થી સઘળો સંસાર કુટુંબ પરિવાર
મારા લાડ પાલણ તમે લાલજી
બીજો નથી આંસુનો લેનાર
કે એક આધાર....સાથે રાખો સ્નેહથી૦
કાયા પ્રાણ થકી જો જુદી પડે
તો હું તમથી જુદી પડું છેક
જી વું ત જી તે ટે ક....સાથે૦
જે કોઈ જળથી જુદી પાડે માછલી
રાખે હ્રદયમાં કરી વિવેક જીવે પળ એક....સાથે૦
તમે સુખના સાગર રહો વેગળા
પછી શું કરૂં રાજ ને પાટ હવેલીના ઠાઠ....સાથે૦
મને હીરના ચીર ગમે નહિ, મને ઘરેણાંના ઘાટ
મ ટા ડો ઉ ચા ટ....સાથે૦

હું તો તમને દીઠે થાઉં દેખતી
અણ દીઠેથી આંધળી ભીંત, એ જન્મની રીત... સાથે૦

મેં તો સ્નેહ તોડયો સર્વ લોકથી
બાંધી તમ સંગે પૂરણ પ્રીત
ચોરાયું મારૂં ચીત...સાથે૦

જમવું જીવણ તમથી જુદી પડી
હોયે વિધ વિધના પકવાન,
તે વિષ સમાન...સાથે૦

જમવું જીવણ તમ સંગે ભાવથી
હોય કેવળ શાક કે પાન,
તે મેવા સમાન... સાથે૦

પડશે તડકા ને તાપ વૈશાખના
તે તો જાણીશ ચંદ્ર પ્રકાશ
રહી તમો પાસ....સાથે

મુજને મેલી જો કંથ પધારશો
આવી મળવાની ધરશો ન આશ
નિશ્ચય પામું નાશ....સાથે૦

કરતી વાત ઢળી પડી ધરણીએ
નારી જાનકી થઈ રે નિરાશ
કહે લેતી શ્વાસ...સાથે૦

દયા કરી દેવ દલપત રામે રે
સતી સીતાને દેખી ઉદાસ
જતાં વનવાસ....સાથે રાખ્યાં સ્નેહથી૦

---

## ધોળ

એના વિરલા કોઇ વાંચનહાર કાગળ સતગુરૂ લખે૦
જ્ઞાન વૈરાગી દેહ ધર્યો મહીં જીવપણાનો જીવ
ભક્તિ આભૂષણ પેરવા રે વાંકા સેવક દાસ કબીર....
શિલ્લા રૂપી ખડીયો કીધો મહીં પ્રેમ તણી રૂસનાઇ
કલમ બુદ્ધિ આ સંતની છે રે મહીં વિધવિધ આંક પૂરાય...
સુરત મુરતની દોરી લીટી મહીં વિવેક તણો રે વિચાર
વિચારી અક્ષર જો લખ્યા તો એ કાગળ કોરા કહેવાય....
જીવપણું જુગતે જ રહ્યું મલી મલી મંગલ ગાય
અનેક અક્ષર નહિ ઉકલ્યા એ તો થાકયા છે જાણ અજાણ...
અક્ષર કાનો માત્રા રે માયા ઉપર તે મોહ
તેના ઉપર પરિગ્રહ છે રે એને નહિ મળે પાપ ને પૂન્ય....

અંધે તે અક્ષર વાંચીયા બહેરે સુણ્યા કાન
ગુંગો તો ચર્ચા બહુ કરે રે એના વેદ કરે રે વખાણ...
કોટી કોટી પંડીત પઢી મુવા પઢી પઢી વેદ પૂરાણ
અનેક અક્ષર વાંચીયા રે એ તો ઉતર્યા પાટણપૂર....
અમરપૂરી જગત માંહે એમાં એનો વાસ
કરજોડી અખો કહે રે એવા દુલ્લભદાસ કબીર...
કાગળ સતગુરૂ લખે...

---

રામ લક્ષ્મણ વન સીધાવ્યા
સતી સીતાને આવંતા સાથ કહે રઘુનાથ
પધારો પીયર ભણી

નહિ તો અહીં રહો સસરાના રાજમાં
હેતે હળીમળી સાસુ સંગાત, જોડી બંને હાથ...પધારો
અમે વસ્તીમાં નહિ વસીએ વિનંતી
અમે રહીશું જઇ વનવાસ તમો પામો ત્રાસ....પધારો
વનમાં નાહે મળે રથ કે ઘોડલા
વનમાં નહિ મળે દાસી કે દાસ નથી કોઈ પાસ... પધારો
તમે કોશનો પંથ કીધો નથી
ચરણે ચાલતાં પામશો થાક લીટી ખેંચો નાક....પધારો

વનમાં નહિ મળે મંદિર ને માળીઆ
નથી પોઢવા સેજ પલંગ રંગીત નવરંગ...પધારો
અમે વનફળ ખાઈ સુખે રહીશું
કોઈ દિવસ કેવળ શાક વિના લુણ પાક....પધારો
અમે ઘાસ કે પાનની કરશું ઝૂંપડી
સુવા જાશો તો ખૂંચશે અંગ તેનો શું ઉમંગ....પધારો
વનમાં હીરના ચીર મળે નહિ
વનમાં નહિ મળે ફરતાં ફૂલેલ કે તેલ ધૂપેલ....પધારો
વનમાં નહિ મળે સરખી સાહેલીઓ
તમે કોની સાથે કરશો ખેલ ઉમંગ ભરેલ....પધારો
ઉષણ કાળે વાશે ઉના વાયરા
એવું દેખીને થાશો ઉદાસ જ્યારે જેઠ માસ...પધારો
વરસે મેઘ ને ઝબકે વીજળી
તેવે ટાણે તરૂ તળે વાસ નથી છત્ર પાસ...પધારો
વનમાં ઘાતકી રાક્ષસ વસે ઘણા
ચારે તરફ બહુ ફરે ચોર તેનું ઘણું જોર...પધારો
વનમાં વાઘ વરૂ ને વાંદરા ઘણા
ઘણા રીંછ જનાવર જોર બચે નહિ ઢોર...પધારો

મોટા પર્વત દેખી ડરો ઘણા
તમથી નજરે નહિ જાય દિવસે ખાવા ધાય... પધારો

તમારી રાજ કન્યા કાયા રે કુમળી
વનવાસના દુઃખ ન વેઠાય કાયા કરમાય...પધારો

વનમાં અંધારૂં દેખી ડરો ઘણા
નથી નીકળ્યા કદી ઘરબાર છો નાજુક નાર...પધારો

તમે છોટી ઉંમર વર્ષે સોળના
નથી સંકટ વેઠયા લગાર તમે કોઈ વાર..પધારો

પરણી આવી પિયર ગયા નથી
તમને મળવાને ઇચ્છે છે માત ચોંપે ચિત જાય...પધારો

રાજા જનકજી તમને ઝંખે ઘણું
તેના સંદેશા આવે સદાય તેડાં પાછા જાય...પધારો

ભાત ભાતનાં ભોજન ભાવતાં
તમને મોકલશે મહિપાળ પૂરાવીને થાળ...પધારો

અમે અવધ ફરી પાછા આવીશું
ત્યારે લેશું તમારી સંભાળ અમે તત્કાળ....પધારો

રૂડી મિથલા પૂરી મન ભાવંતી
તમે પામશો પરમ વિશ્રામ છે બાપનું ગામ...પધારો
ગોરી તમને ગમે તેમ હું કરૂં
એમ દલપત રામના શ્યામ કહે રાજા રામ...પધારો

---

મંડપ ખંભ સોના તણાં રે વર વર્યા જુગદીશ
રુખમણી કૃષ્ણ પધારીયા હરિના જે જન હોયે દશવીસ
કાનૈયા જીની આરતી૦
સેજ વારો રે રથ સજ્જ કરીને જાનની છે ચાર
ઈશ્વર અનેક શણગાર્યા સુંદર
ચાલી છે હરજીની જાન... કાનૈયા
કંબાડોની સાન જ વાગે ને શરણાયો અતિસાર
મગ્દ શબ્દ સોહામણા હરિને
નિગમ હોયે જય જયકાર... કાનૈયા
કમળા તે કુંડલ કાને ઝળકીયાં ને મુગટ સોહે ચાર
બાહે બાજુ બન્ને બેરખાં હરિને
કંઠે કૌશતભ મણીનો છે હાર ...કાનૈયા

જુઇ જાવંત્રી ને મોગરો ચોસેરા ગુંથીને લાવ
ચોસેરા હરિના ચીર તપે જી રે
મોતીડા તપે રે લેલાટ...કાનૈયા

છટ્ઠી તે ચોખા કેસર વરણીયાને બત્રીસે ભમરીનો મોડ
સાસુએ ઇશ્વરને પોંકીયા જી રે
તોરણે રહ્યા રણુછોડ...કાનૈયા

ચોંવા ચંદન અગર કસ્તુરીને રંગ બન્યો અતિસાર
કેસર કેરાં કચોલીયા જી રે
ઉડે છે અબિલ ગુલાલ....કાનૈયા

કોરા તે કાકણુ બાજઠ ઢાળ્યા ને આભુષણુ સોહે અંગ
રખોમણી કૃષ્ણ પધારીયા
રાણી રખોમણી હોયે ધનધન....કાનૈયા

રૂપા તે બાજઠ ઢાળ્યા રે ઉપર સોના થાળ
કલેવા લાવે સૌ કામની જી રે
નાના વિધ પકવાન....કાનૈયા

સીતાએ ચોરી ચીતરી રે રંગ બન્યો અતિસાર
ઇશ્વરે ચોરી ચીતરી જી રે
પરણ્યા છે રખોમણી કૃષ્ન...કાનૈયા

પીળાં પિતામ્બર કોરી જનોઈ ને સોહે શ્યામ શરીર
ભીમકરાયે કન્યાદાન દીધાં જી રે
ઉલટયાં છે ગંગાના નીર...કાનૈયા

ચીર જ ખસ્યા ને વદન હસ્યા ને દીઠા વદન પ્રકાશ
મુખમાં ઈાંધ વિધિ દેખ્યાં જી રે
સ્વર્ગ મૃત્યુ ને પાતાળ....કાનૈયા

આનંદ ઓછવ અતિ ઘણાં રે ઉલટ અંગે ન માય
રખોમણી પરણી ઘેર આવ્યાં
ગુણ ગાય તે નરસૈયો દાસ...કાનૈયા

---

સદગુરુજી લગ્ન લઈ આવ્યા
શબ્દ સંસાર મારે મન ભાવ્યાં
પ્રેમની આરતી મોતીડે વધાવ્યા
તો ભાગ્ય ફર્યા પેલા ભવ તણાં રે

શબ્દ રૂપી ચાંદલીયો રે ચોડયો
નિવૃતિ કન્યાનો વિવાહ જોડયો
કામ ક્રોધનો ભય સહુ મોળ્યો
તો વિવાહ જોડયાં જુગતે કરી રે

ગગન મંડળમાં માંડવ રચાવ્યો
પચરંગી રંગે રંગાયો
અમીરસ રૂપી દોરીએ બંધાયો
તો છાયો કાચો તાર શું રે

મંડપની શોભા અતિ સારી
રત્ન જડીત ઝરૂખા ને ઝારી
અનંત કલા સુરતિ જાયે વારી
તો ઝળહળ જ્યોતિ ત્યાં ઝળહળે રે

હૃદયમાં હરિવર તોરણે આવ્યા
સોળે કળા સંપૂર્ણ લાવ્યા
પ્રેમની આરતી મોતીડે વધાવ્યા
તો નીરખ્યા રૂપ નયણાં ભરી રે

સુષ્મણા સાસુજી પોંકવા આવ્યા
પાંચ પચ્ચીસને વારીને લાવ્યા
ઇંગલા પિંગલાને બેડલા ચઢાવ્યા
તો પોંકણ પોંક્યા પ્રેમ શું રે

નિવૃતિ કન્યાને પધરાવો
સદગુરુ શબ્દનો હસ્ત મેળવાવો

રણકાર વેદની ધૂન મચાવે
તો અનહદ વાજાં ગડગડે રે
ભજન કરી રે જેણે હરિવર વર્યા
જન્મ મરણના ફેરા રે ટળ્યા
કહે પ્રેમદાસ સાચા સદગુરુ મળ્યા
તો અખંડ ચૂડો અમર રહ્યો રે.

---

## ઘોળ—વડી મૂકતી વખતે

નવલખી રે નવલશાને કાજ માંડવડો મારો લળી રહ્યો રે
ગુંજારા રે કંબાડોની સાન ચોર્યાશી લખજો પાંખડી રે
બાંધો રે બાંધો તોરણ ઘર ને બાર
લુણા રે મનષા સુવાસેણ રે.
વાગે રે વાગે તાલ ને મૃદંગ
વાજીંત્ર વાગે શોભતાં રે.
વાગે રે વાગે નોબત ને શરણાઇ
ત્યાં ભેદ વાગે ભેદના રે.
તેડો રે તેડો ઢોલીડાં સૌ નાર
તેણે રે મારો રંગ રહેશે રે.

ચેતો રે ચેતો સાધુ જન ને સંત
વેવા રે આવ્યા ઢુંકડા રે.
મોટા રે મોટા સાધુ જન ને સંત
હરિદાસ લેજો ટેલડી રે.

---

## ગીત

વનવગડામાં ઝાઝેરી બોરડી અર્ધાં કાચા ને અર્ધાં પાકા
પણ શોભા શોભા....
વીરાના લગ્નમાં ઝાઝેરા વીરા પાંચ પચ્ચીસ ને પચાસ
પણ શોભા શોભા...
વીરાના લગ્નમાં ભાભી છે થોડી પાંચ પંદર ને પચાસ
પણ તોબા તોબા....

---

ધન ઘડી ધન દહાડો રે આજની ઘડી
કોણ પુન્ય સે હરિ પ્રગટ્યા રે મારી સાચી સગાઇ
કન્યા છે પણ નાની રે હરિવર છે મોટા
જાન આવી જદુપતની રે મંડપમાં મહાલે.

અણુચિન્ત્ય ચતુર વર રે ચોરીમેં આવ્યા
મનષા રૂપી મામા રે મને માયરામાં આણી.
હથેવારો મેળવ્યો રે હું તો આનંદ પામી
મંગળ ફેરા ફરીને રે હું તો સફળ થઇ.
કંસાર પીરસવાને આવી રે કન્યાની માડી
કોળીયા વાળીને આરોગ્યા રે આજની ઘડી.
હરિવર મુજને જમાડો રે કોળીયા વાળી
હરિવર મુજને સંતોષ્યા રે પરી પૂરણ પામી.

---

સખી રે આજ આનંદ મારે ઉલટયો
અલબેલાજી આવ્યા મારે ઘેર રે....
આનંદ મારે ઉલટયો૦
સખી રે શેરી વળાવું સોહામણી
પથરાવું લીલા પીળાં પાટ રે....આનંદ
સખી રે હરિજન આવ્યા મારે બારણે
હું તો શાના તે આસન આપુ રે....આનંદ
સખી રે હરિજન હરિ સરખાં જાણીયા
તેના વેદ પુરાણ પૂરે શાખ રે...આનંદ

સખી રે ફૂલી ફાલી સૌમાં હું ફરૂં
મારા હૈયે હરખ ન માંય રે... આનંદ
સખી રે વાજાં વાગે વિધ વિધનાં
મળી માનુનીઓ મંગલ ગયા રે.... આનંદ
સખી રે હરખે હિંડોળા બંધાવીએ
બાંધ્યા મોતીના તોરણ દ્વાર રે.... આનંદ
સખી રે અગર ચંદનના છાંટણા
કરી છે કંકુ કેસરની ગાર રે... આનંદ
સખી રે મોતીના ચોક પૂરાવ્યા
બાંધ્યા ચંદરવા ચાંદની ચોક રે.... આનંદ
સખી રે થાળ ધરાવું મોતીની રે
હું વ્હાલાને વધાવવા જાઉં રે... આનંદ
સખી રે ફૂલડાંએ સેજ સજાવીએ
હું વિંઝણે ઢોળાવું વાયરો રે... આનંદ
સખી રે તકીયા ગલેચા ને ગાદીઓ
ઉપર પોઢ્યા સુંદર શ્યામ... આનંદ
સખી રે ભોજનીયાં નિત નૂતન બહુ ભાતનાં
હું જમાડું જુગદા ધાર રે... આનંદ

સખી રે લવીંગ સોપારી ને એલચી
આપ્યા પાનનાં બીડલાં હાથ...આનંદ
સખી રે ઘણું દિવસની ગોઠડી રે
મારે કરવી છે સર્વે આજ રે...આનંદ
સખી રે પેલા ભવની પ્રીતડી રે
મારો દિન સફળ થયો આજ...આનંદ
સખી રે પ્રીતમના સ્વામી પધાર્યા રે
મારા સર્યાં સઘળા કાજ...આનંદ

---

સજની રે સાથે વેવા કીધાં
શિવજી સાથે નાળિયેર મોકલ્યાં રે
અંગે ઉલટ લગ્ન લીધા
પ્રેમ કરી કંકોત્રી મોકલી
સદગુરુ શબ્દે ગણેશ માંડ્યા
આ મંદિરમાં કીધી સ્થાપના.
તીરથ સ્થાનકથી માંડવ રચ્યો
દલવાડ દલથી માંડવ સાહી રહ્યો

વજીર હૈયા પર ચોરી રચી
જ્ઞાન રૂપી મેલ્યા ગુજરી
અક્કલ બાઇ રે તું મારી બેની
પ્રેમની વરધ ભરી ભરી લાવની
ઉપર મેલ્યા શ્રીફળ ચાર
વિવેક વારી રે તું વિચારી
જેમ જળમાં ચંદ્ર ખીલ્યો
તેમ મન મારૂં મોહ્યું જોની
સમતા રૂપી મીંઢળ બાંધ્યા
આ મંદિરમાં કીધી સ્થાપના
દાસ જીવણના સ્વામી દયાલ રે
સઘળાં પાયે લેજો નીરખી.

---

— લગ્ન ગીત —

આ તીરે ગંગા ને પેલી તીરે જમના
વચમાં સરસ્વતી નદી વહે રે
સોનાનું બેડું ને રૂપા ઓઢણી
સીતાવેલ પાણીલા સંચર્યા રે૦

રાસ ટૂંકી ને ઘડુલો ના ડુબે કૂવા ને કાંઠે ઊભા રહ્યા રે
સોનાની ગેડી ને રૂપા દડુલો રામચંદ્ર રમવાને નિસર્યા રે

કોણ રાયના પુત્ર ને કોણ તમારા નામ
કઈ રે નગરીના ગરાસીયા રે૦

દશરથના પુત્ર ને રામચન્દ્ર નામ
અયોધ્યા નગરીના ગરાસીયા રે

કોણ રાયની પુત્રીને કોણ તમારાં નામ
કઇ રે નગરીની ગરાસણી રે૦

જનકની પુત્રીને સીતાવેલ નામ
હજીએ છું બાળ કુંવારણી રે૦

સાત સોપારી ને પાનના બીડાં
લગ્ન નિર્ધારી વેલા આવજો રે૦

---

ઊંચી નીચી મેડી મારા વીરાની હવેલી
ત્યાં રે ઢોળાવું ભ્રમર ઢોલીયા રે૦

એ રે ઢોલીએ મારા કયા ભાઈ પોઢે
કઈ વહુ હીંડોળે રાણી વાયરા રે૦

વાઘ ઢોળંતાં ને પ્રીતુ ને વાત પૂછતાં
કઈ બેન નણંદીને નહિ તેડીએ રે૦
ઓછા પીયરની તું ઓછું શું બોલે
બેની વિના કેમ ચાલશે રે૦
લાખ જ ખર્ચું તો બેની નહિ આવે
ખાસડા ખંખેરૂ ગોરી આવશે રે૦

---

ધોળ

આજ મારે આંગણીએ આવીને રંગ વધાવ્યો રે
સુંદર શામળીયાજી પ્રીતે પધાર્યા રે૦
સખી રે એને મારી પ્રીત પેલા ભવ તણી
હથેવાળો સાર્યો ને અખંડ હું થઈ રે૦
ઇચ્છા વર અલબેલાજીને હું વરી રે
મંગળ ફેરા ફરીને સફળ હું થઈ રે૦
કંસાર કોળીયા વાળીને લીધો હાથમાં રે
હું તો પરણી ચોરી માંહે એ લાલને રે૦
જે કોઈ ન પામે તે પામી મોંઘા મૂલે રે
સુખના રાજ આવ્યાં ને દુઃખની ઘડીઓ ગઈ રે૦

જગમાં જશ વધ્યો ને હરિ ગુણ ગાઈએ રે
બીજા નરસૈયાના સ્વામી અમી રસ પાય રે૦

## લગ્ન ગીત

ઊંચા ચોરા ચંદન ચોકઠાં રે
તાં રૂડી ભમરીયા રે સેજ નણંદલ લેરીઉ રે
રાણી કઈ વહુ ઢાળે વાવ નણંદલ લેરીઉં રે૦
વાવ ઢાળતાં ને પીયુને પૂછીયા રે
સ્વામી તમને શાની આવે ઉંઘ નણંદલ લેરીઉ રે૦
આપણે સુમન બેની પરણાવીએ રે
ગોરી મને હરખે આવે ઉંઘ નણંદલ લેરીઉં રે૦
હરખના હિંડોળા બંધાવીએ રે
ગોરી મને હીંચકે માઝમ રાત નણંદલ લેરીઉ રે૦

## ધોળ

હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે
જેની સુરતા શામળીઆ સાથ વદે વેદ વાણી રે
વ્હાલે ઉગાર્યો પ્રહ્લાદ હિરણ્યાકંસ માર્યો રે

વિભીષણને આપ્યું રાજ રાવણ સંહાર્યો રે
વ્હાલે નરસિંહ મહેતાનો હાર હાથોહાથ આપ્યો રે
ધ્રુવને આપ્યું અવિચલ રાજ પોતાનો કરી સ્થાપ્યો રે
વ્હાલે મીરાં તે બાઈના ઝેર હળાહળ પીધાં રે
પાંચાળીના પૂર્યાં ચીર પાંડવ કામ કીધાં રે
વ્હાલે અંબરિષની ઓળખાણ અવતાર દશ લીધાં રે
વ્હાલે ગજની કીધી સહાય ગરુડ પરહર્યાં રે
આવો હરિ ભજવાનો લ્હાવો ભજન કોઈ કરશે રે
કર જોડી કહે પ્રેમળદાસ ભકતોનાં દુઃખ હરશે રે.

---

મારો સોનાનો મારો રૂપાનો માંડવડો રે
આજ......ભાઇ પરણે છે

એની માતા બોલાવે એના પિતા બોલાવે,
તોએ...ભાઇ ના બોલે...આજ...ભાઇ....

એના સાસુ બોલાવે એના સસરા બોલાવે
ત્યારે...ભાઇ ઝટ બોલે....આજ....ભાઈ ०

એના વીરા બોલાવે એના ભાભી બોલાવે
તોએ...ભાઇ ના બોલે....આજ....ભાઈ •

એના સાળા બોલાવે એના સાળી બોલાવે
ત્યારે...ભાઈ ઝટ બોલે...આજ....ભાઈ૦

એની બેની બોલાવે એના બનેવી બોલાવે
તોએ....ભાઇ ના બોલે....આજ....ભાઈ૦

એની સાળી બોલાવે એના સાઢુ બોલાવે
ત્યારે....ભાઈ ઝટ બોલે.. આજ...ભાઈ૦

---

કોણ રાયની તુળસી ને કોણ રાયના માગા
ધન રાયની તુળસી ને સુરજ ના માગા
સુરજના માગા દાદા પાછા રે વાળો
સુરજ તો તેજ તડકા વાળા હો રામ,
તુળસી બાળ કુંવારા૦

કોણ રાયની તુળસી ને કોણ રાયના માગા
ધન રાયની તુળસી ને ચન્દ્રના માગા
ચન્દ્રના માગા દાદા પાછા રે વાળો
ચન્દ્ર તો ખોડ ખાંપણ વાળા હો રામ...તુળસી....

કોણ રાયની તુળસી ને કોણ રાયના માગા
ધન રાયની તુળસી ને ખાખરના માગા
ખાખરના માગા દાદા પાછા રે વાળો
ખાખર તો કુડ કપટ વાળા હો રામ....તુળસી....
કોણ રાયની તુળસી ને કોણ રાયના માગા
ધન રાયની તુળસી ને હનુમાનના માગા
હનુમાનના માગા દાદા પાછા રે વાળો
હનુમાન તો તેલ સિંદુર વાળા હો રામ....તુળસી....
કોણ રાયની તુળસી ને કોણ રાયના માગા
ધન રાયની તુળસી ને ઠાકોરના માગા
ઠાકોરના માગા દાદા ઝડપીને લેજો
ઠાકોર તો મોર મુગટ વાળા, હો રામ તુળસી પરણ્યા૦

---

## લગ્ન વખતે

આ વર કન્યાનું સુંદર જોડું,
અહો પ્રભુજી અમર રહો૦
જ્યારે સીતાજીએ તપ કર્યાં
ત્યારે રામજી સરખા સ્વામી મળ્યા

જ્યારે... વહુએ તપ કર્યાં ત્યારે....
ભાઇ....સરખા સ્વામી મળ્યા ૦
જેવી આંબા ડાળે કેરી શોભે
એવું વર કન્યાનું જોડુ શોભે
જ્યારે પાર્વતીએ વ્રત કર્યાં
ત્યારે શંકર સરખા સ્વામી મળ્યા
જેમ... બેને તપ કર્યાં ત્યારે....
ભાઇ સરખા સ્વામી મળ્યા ૦
જેમ રાધા કૃષ્ણની જોડી મળી
તેવી બેન ને ભાઇની જોડી બની
જેમ ચન્દ્ર સુરજના તેજ વધ્યા
તેમ... બેન ને...ભાઇના હેત વધ્યા ૦
આ વર કન્યાનું સુંદર જોડું
અહો પ્રભુજી અમર રહો ૦

---

લગ્ન ગીત

વીરા ઘોડીના થાવ અસવાર રે
વેવા રે આવ્યા ઢુંકડા

વીરા લીલી ઘોડી રે પીળો ચાબકો
વીરે ત્યાંથી તે ઘોડી રે ખેલવી
ઘોડી ગઇ રે કપૂરા ગામ પર ઠેઠ...વેવા રે....
એની ઉંડો ભોળા રે રાયવર શામળા
બેની મોતીના લેવો શણગાર રે....વેવા રે...
વીરા હું કેમ આવું રે એકલી
મારા ઇચ્છાવર સરખા છે કંથ....વેવા રે....
તારા ઇચ્છાવરને આપું સાજન ઘોડલો
મારી બેનીને પાલખીની જોડ રે...વેવા રે....
વીરે ત્યાંથી ઘોડી રે ખેલવી
ઘોડી આવી રે સ્યાદલા ગામ પર હેઠ..વેવા રે....
વીરા પાદરે પાકી રે બોરડી
મારા કયા ભાઈ ચઢી રે હિંડોળે
બેની રે ખોળા પાથરે....વેવા રે....
વીરા હળવે હળવે હિંડોળો ફાટે રે મારી ચુંદડી
એની ફાટે તો ફાટવા દેવ રે અવસરે બીજી લાવીશું.

## લગ્ન ગીત

હંસ તારી સોનાની ચાંચ રૂપાની ચાંચ
સોના ચાંચે રે હંસ મોતી ચરવા જાય

હંસ જાજે ઉગમણા દેશ, આથમણા દેશ
કન્યા શોધી રે વેલા આવો મારા........રાય

વેવાઈ સુતા હોય તો જાગ (૨)
પાદરે આવ્યા મારા ભાઈ...... રાય૦
વેવાઈ તારા પાદરે પાણી છંટાવ (૨)
ઠંડકના શોખીન મારા ભાઈ...... રાય૦
વેવાઈ તારા મંડપમાં સેન્ટો છંટાવ (૨)
સેન્ટોના શોખીન મારા ભાઈ...... રાય૦
વેવાઈ તારા મંડપમાં રેડીયો મુકાવ (૨)
સંગીતના શોખીન મારા ભાઈ....... રાય૦
વેવાઈ તારા મંડપમાં પંખા મુકાવ (૨)
એરકન્ડીશનના શોખીન મારા ભાઈ....... રાય૦
વેવાઈ તારા મંડપમાં કોલ્ડડ્રીંક ફેરવાવ (૨)
આઈસ્ક્રીમના શોખીન મારા ભાઈ...... રાય૦

વેવાઇ તારી શેરીએ ફૂલડાં વેરાવ ફૂલડાં વેરાવ
ફૂલોના શોખીન વીરા આવે મારા ભાઇ........ રાય૦
વેવાઈતારા ઉતારે જાજમ પથરાવ જાજમ પથરાવ
જાજમના બેસનારા આવે મારા ભાઇ....... રાય૦

---

— ધોળ —

મન તું આઘું તું કયાં રે અથડાય બીજો રે નથી બોલંતો
હું તો જાગીને જોઉં તારા રૂપને
ખોળી જોતામાં તું રે ખોવાયો
બીજો રે નથી રે બોલંતો
તારે ઓથે હરિ નથી દેખંતો
કુંડલ પૂઠે રે....(૨) કનક ઢંકાય...બીજો....
તું દરિયાની લ્હેરે સમાઇ ગયો
લહેરી સામે સમુદ્ર દેખાય...બીજો....
તારે ઠેકાણે હરિને ઠરાવની એવું
સમજે તો મહાસુખ થાય...બીજો...
કહે પ્રીતમ એવા અનુભવી
હું તો લળી લળી રે લાગું પાય....બીજો ...

## — ગીત —

તું તો ચુંદડી ઓઢી લે મારા વીરની
તને સોનલે સજાવું તને રૂપલે મઢાવું
તને હીરલે જડાવું તને રાણી રે બનાવું મારા વીરની
તું તો ઓઢી લેને ચુંદડી મારા વીરની૦

તું માતા છોડી દે પ્રેમથી તું પિતા છોડી દે પ્રેમથી
તને સાસુ બતાવું તને સસરા બતાવું
હીરલે જડાવું તું ઓઢી લેને ચુંદડી મારા વીરની૦

તું વીરા છોડી દેને પ્રેમથી તું ભાભી છોડી દે પ્રેમથી
તને રામ સરખા જેઠ બતાવું સીતા સરખી જેઠાણી બતાવું
તને સોનલે સજાવું તને રૂપલે મઢાવું તને હીરલે જડાવું
તને રાણી રે બનાવું મારા વીરની
તું ઓઢી લેને ચુંદડી પ્રેમથી૦

## — લગ્ન ગીત —

ચારેવ ભાઈઓને ઘોડલાની હોંશ
માયરામાં મેના રે બોલ્યા
ધોળો ઘોડો તે ક્યા ભાઈને શોભતો
તેથી ચઢતો બીજા ભાઈ ને હોંશ...માયરામાં

ગુલાબી ઘોડો તે બીજા ભાઇને શોભતો
તેથી ચઢતો ત્રીજા ભાઈ ને હોંશ....માયરામાં
રાતો ઘોડો તે ત્રીજા ભાઇને શોભતો
તેથી ચઢતો ચોથા ભાઇ ને હોંશ....માયરામાં
લીલો ઘોડો તે ચોથા ભાઇને શોભતો
ચારેવ ભાઇઓની પૂરી થઇ હોંશ...માયરામાં

ચારેવ વહુઓને પટોળાની હોંશ
માયરામાં મેના રે બોલ્યા

સફેદ પટોળું તે મોટી વહુને શોભતું
તેથી ચઢતું બીજી વહુને હોંશ.. માયરામાં
ગુલાબી પટોળું તે બીજી વહુને શોભતું
તેથી ચઢતું ત્રીજી વહુને હોંશ....માયરામાં
રાતું પટોળું તે ત્રીજી વહુને શોભતું
તેથી ચઢતું ચોથી વહુને હોંશ.. માયરામાં
ચારેવ વહુઓની પૂરી થઇ હોંશ
માયરામાં મેના રે બોલ્યા૦

## લગ્ન ગીત

કેસરીયો જાન લાવ્યો રે જાન લાવ્યો રે
જાનમાં તો આવ્યા મોટા,
જળ ભરી લાવો લોટા...કેસરીયો...
જાનમાં તો આવ્યા પારસી
મુખ જોવા લાવો આરસી... કેસરીયો...
જાનમાં તો આવ્યા ડોસા
બેસવાને લાવો સોફા....કેસરીયો...
જાનમાં તો આવ્યા સિપાઇ,
સિપાઈ જોઇને વેવાઇ લપાય કેસરીયો ...
જાનમાં તો આવ્યા સીબી
સીબી જોઈને વેવણ બીધી ...કેસરીયો....
વે વ ણુ ને કે ડે કું ચી
વેવાઈ કરતાં વેવણ ઊંચી .. કેસરીયો....
ચુલા ઉપર દૂધ ઉભરાય
વેવાઇ વેવણ ઘરમાં ગભરાય....કેસરીયો....

આવો ...વહુ રાણી ભરવા પડશે પાણી
કરવા પડશે ઘરના કામ હો હો સાસુજીના રાજમાં...(૨)
અબ્બે ચોટલા વાળશો નહિં ઉઘાડે માથે ફરશો ના....
હો... હો... સસરાજીના રાજમાં...(૨)
ચા કોફી પીશો ના કોકના શોખીન થાશોના
હો...હો...દિયરજીના રાજમાં... (૨)
નાટક સીનેમા જોશોના સોપીંગ શોખીન થાશોના
હો...હો...નણંદીના રાજમાં ....(૨)
પાર્ટી કલબમાં જાશોના ડાન્સના શોખીન થશોના
હો....હો...ભાઇના રાજમાં.... ૨)

---

ખંભાતે ઘડો રે બાજઠડો અમદાવાદી ચીતર્યો રે
આણી મેલ્યો માંડવ હેઠ દીસે રળીયામણો રે
કુંવેરી તો ચઢી રે કંબાડ સુંદીર વરને નીરખવા રે
નિરખ્યા છે ઘડી રે બે ચાર હવે ન નીરખું હર ઘડી રે૦
બાપા મોરા એ વર વરજો સોનૈયા લેખ લખજો
રૂપૈયા ગજવા ભરજો એ વર છે વરણાગીયા રે૦

કેવ દીકરી કયાં તમે દીઠા કયાં ઓ તમારા મન વસ્યા રે
સોના ગેડી રમતેલા દીઠા દડુલે મારા મન વસ્યા રે૦
બાપા મોરા એ વર વરજો સેનૈયા લેખ લખજો
રૂપૈયા ગજવા ભરજો એ વર છે વરણાગીયા રે૦
કેવ દીકરી કયાં તમે દીઠા કયાંઓ તમારા મન વસ્યા રે
સોના થાળી જમતેલા દીઠા કોળીએ મારા મન વસ્યા રે૦
બાપા મોરા એ વર વરજો સોનૈયા લેખ લખજો
રૂપૈયા ગજવા ભરજો એ વર છે વરણાગીયા રે૦
કેવ દીકરી કયાં તમે દીઠા કયાંઓ તમારા મન વસ્યાં રે
નિશાળે ભણતેલાં દીઠા અક્ષરે મારા મન વસ્યા રે૦

---

જેવા ગુલાબ ફૂલના ગોટા...એવા....ભાઇના ફોટા
વીરા પરણ્યામાં શું...(૨)
જેવા પાણીના પરપોટા. તેવા...વહુના ફોટા
વીરા પરણ્યામાં શું...(૨)
જેવા વીંટી માના હીરા...તેવા...ભાઇના વીરા
વીરા પરણ્યામાં શું....(૨)

જેવા કાદવમાંના કીડા તેવા...વહુના વીરા
વીરા પરણ્યામાં શું...(૨)
જેવી માથામાંની વેણી તેવી...ભાઇની બેની
વીરા પરણ્યામાં શું (૨)
જેવી ચુલા પરની પેણી તેવી...વહુની બેની
વીરા પરણ્યામાં શું...(૨)

---

તાંબાની કથરોટમાં ભરીએલાં ખાજા
હીનુભાઈ પરણે ત્યાં તો મનુભાઇ રાજા હલડાં...
ઘી માંનાં ઢેબર સુજને મીઠેરાં લાગે
મીઠેરાં લાગે તો મૂલવીને લેજો
મૂલવી ને લેજો પૈસા ખરચીને લેજો૦
તાંબાની કથરોટમાં ભરીએલી ખારેક
કયા ભાઈ પરણે ત્યાં તો કયા ભાઇ પારેખ. હલડાં....
ઘી માંના ઢેબર સુજને મીઠેરાં લાગે
મીઠેરાં લાગે તો મૂલવીને લેજો૦
તાંબાની કથરોટમાં ભરીએલાં સોપારી
કયા ભાઇ પરણે ત્યાં તો કયા ભાઇ વેપારી...હલડાં...

તાંબાની કથરોટમાં ભરીએલાં ખજુર
કયા ભાઈ પરણે ત્યાં તો કયા વેવાઈ મજુર....
ઘી માંના ઢેબર મુજને મીઠેરાં લાગે
મીઠેરાં લાગે તો મૂલવીને લેજો
મૂલવીને લેજો પૈસા ખરચીને લેજો૦
તાંબાની કથરોટમાં ભરીએલી બદામ
કયા ભાઈ પરણે ત્યાં તો કયા વેવાઈ હજામ....દલડાં...
ઘી માંના ઢેબર મુજને મીઠેરાં લાગે
મીઠેરાં લાગે તો મૂલવીને લેજો
મૂલવીને લેજો પૈસા ખરચીને લેજો૦

## — શ્રીમંત વખતે ગવાતું ગીત —

દેવકી ને જશોદા બેઉ બેનડી રે
અલમલ પાણીલા જાય રે જશોદાના જાયા...
જશોદાએ દેવકીને પુછીયાં રે
કહો બેન કેટલા માસ રે....જશોદાના જાયા...
પહેલે માસ એળે ગયો રે
બીજે તે જાણુ અજાણુ...જશોદાના જાયા૦

ત્રીજે તે સૈયર સંભળાવ્યા રે
    ચોથે તે સાસુને જાણ...જશોદાના જાયા૦
પાંચમે પચરંગી રાખડી રે
    છઠ્ઠે ચઢીએલા દૂધ રે...જશોદાના જાયા૦
સાતમે તે ખોળા ભરાવ્યા રે
    આઠમે અખરોટ બદામ રે...જશોદાના જાયા૦
નવમે તો પીયર વળાવ્યા રે
    દશમે જનમ્યા છે કાન રે...જશોદાના જાયા૦
સોના છરીએ નાળ વધેર્યાં રે
    ફોઇએ પાડ્યા રૂડા નટવર નામ...જશોદાના જાયા૦
ફોઈ લાવ્યા પોષાક હીરના રે
    કાનજીને હેતે શણગાર્યાં રે....જશોદાના જાયા૦

## — પીઠી વખતે —

ગાયના છાંણા ઘઉવારૂ કા ચંદન પુરાવો રે
ચંદન ચોક પૂરાવીને કંઈ સોના બાજઠ ઢાળો રે
સોના બાજઠ ઢાળીને કંઇ....ભાઈ બેસાડો રે
...ભાઈને બેસાડીને કંઈ હાથમાં રૂપા નાણું આલો રે૦

રૂપા નાણું આપીને કંઇ પીઠીએ બેસાડો રે
પીઠીએ બેસાડીને કંઈ માતા પાયે લગાડો રે
માતા પાયે લાગીને કંઇ પિતા પાયે લગાડો રે
પિતા પાયે લગાડીને કંઇ નાળિયેર આપો રે૦
હાથમાં નાળિયેર આપીને કંઈ વીરા પાયે લગાડો રે
વીરા પાયે લગાડીને કંઇ પાન સોપારી આપો રે
પાન સોપારી આપીને કંઈ બાજઠે બેસાડો રે૦

---

ધોળ – વર કન્યા પરણી ઊઠ્યા પછીનું ગીત –

ભમરા રે તારા ચાકરીયારા પાન
પાના રે એના ઝગ જોયાં રે
મોહ્યા રે...(૨) દેવ ને મોરાર ..
જાદવરાય પરણ્યા રખોમણી રે
ગોમતીજીમાં ગડગડીઆ નિશાન....જાદવરાય...
રખોમણીને દેજો કન્યા દાન....જાદવરાય...
જન સમાજ મેં હસ્ત મેળાપ કરાવ્યો રે....જાદવરાય....
હાથી ઘોડા પાલખીના દીધાં કન્યા દાન....જાદવરાય...
કાશીમાં તો કરવતના નિશાન....જાદવરાય....
ભીમકરાય દે છે કન્યા દાન...જાદવરાય...

ભૂમિના તો દીધાં છે દાન...જાદવરાય...
પરણ્યા રે પરણ્યા સીતાને શ્રી રામ...જાદવરાય...
ભલે મળ્યા મહેતા નરસૈયાના સ્વામી...જાદવરાય...
એના રે પૂર્યા મનડા કેરા કોડ..જાદવરાય...
ધન ઘડી ધન દહાડો રે આજનો દહાડો
કોણ પુન્યે હરિ પ્રગટ્યા રે મારી સાચી સગાઈ.

## — લગ્ન ગીત —

હંસ રાજા વાવલીયા ખોદાવે રે
તેની ફરતે ચાર પનારે મુકાવે રે
પેલી પનારે હું તો પાણીલા જામ રે
બીજી પનારે સૈયરો પાણીલા ભરે રે
ત્રીજી પનારે ગામ લોકો પાણી ભરે રે
ચોથી પનારે વાડીમાં વહી જાય રે
વાડીમાં રોપ્યો જાયફળ જાવંત્રીનો છોડ રે
હંસ રાજા વાડી જોવાને જાય રે
સામી મળી ભીમકરાયની પુત્રી રે
તેને પૂછે પરણેલી કે કુંવારી રે
મારા પિતા પરણાવે તો હું પરણું રે

નહિ તો પછી રહીશ બાળ કુંવારી રે
હંસ રાજા વાડી જોઇને ઘરે આવ્યા રે
હંસ રાજા સોડ વાળીને સુતા રે
એના પિતા બોલાવે તોયે ના બોલે રે
ઉઠો ભોળા ઉના પાણી ઠંડા થાય રે
મારા પિતા એક જ વાણી સુણો રે
ભીમકરાયની પુત્રી છે બાળ કુંવારી રે
તેની સાથે પરણાવો તો હું પરણું રે
નહિ તો રહીશ બાળ બ્રહ્મચારી રે

---

અમદાવાદી પાન મંગાવો હાં પાન મંગાવો
સો પા રી સ વા લા ખ નું.... (૨)
....ભાઈના હાથોમાં નાળિયેર નાળિયેરની અંદર પાણી
પરણાવે એની માડી....સોપારી... (૨)
..ભાઈના હાથોમાં રૂમાલ રૂમાલની અંદર લીટા
પરણાવે એના પિતા...સોપારી....(૨)
....ભાઈના હાથોમાં ઘડિયાળ ઘડિયાળની અંદર કાંટા
પરણાવે એના કાકા...સોપારી...(૨)

...ભાઇના હાથોમાં વીંટી વીંટીની અંદર હીરા
પરણાવે એના વીરા . સોપારી.... (૨)
....ભાઈના ગળામાં હારો હારોની અંદર ભાજી
પરણાવે એની ભાભી... સોપારી... (૨)
...ભાઈના હાથોમાં કલગી કલગીની અંદર વેણી
પરણાવે એની બેની....સોપારી.... (૨)
....ભાઈના માથે છે મુગટ મુગટની અંદર ચિત્ર
પરણાવે એના મિત્ર... સોપારી... (૨)

---

મઘ મઘ કરતી વેણીઓમાં વચ્ચે ગુલાબનું ફૂલ
જ્યારે જાય સાસરે બેની સેંથે પૂરો સિંદુર•
સસરા તમારા દશરથ સરખા સાસુ ગંગાનાં નીર
સાસુ સસરાને પાયે પડીને (સેવા કરીને)
બેની દિપાવજે તું કુળ મઘ મઘ...
જેઠ તમારા રામચંદ્ર સરખા જેઠાણી ચંદ્રમાંનું તેજ
જેઠ જેઠાણીના કામો કરીને
બેની દિપાવજે તું કુળ....મઘ મઘ
દિયર તમારા લક્ષ્મણ સરખા
દેરાણી નાનેરું બાળ

દિયર દેરાણીને લાડ લડાવીને
એની દિપાવજે તું કુળ...મઘ મઘ ..
નણંદ તમારી સૈયર સરખી
નણદોઇ ઘરના મહેમાન
નણંદ નણદોઇનું સ્વાગત કરીને
એની દિપાવજે તું કુળ....મઘ મઘ ...
પ્રિયતમને તારો પરમેશ્વર માનજે
પ્રિતમના કહ્યા પ્રમાણે ચાલજે
પતિવ્રતાનો ધર્મ બજાવીને
એની દિપાવજે તું કુળ .. મઘ મઘ ...
પહેલું દિપાવજે તું જનની કુખને
બીજું દિપાવજે તું કુળ
ત્રીજું ત્રિલોકમાં દિપાવજે
એની હિન્દુ ધર્મનું નૂર.

---

હૈયામાં હરખો સમાવતા હો વીરા મારા ચાલ્યા પરણવા
ઊંચી તે છોકરી ના જોશો વીરા
ઊંચી તો નીચા તોરણ તોડશે .. તોરણ તોડશે

નીચી તો છોકરી ના જોશો વીરા
નીચી તો પલંગનો પાયો...હો વીરા મારા....
કાળી તે છોકરીના જોશો
કાળી તો કુળને લજાવશે....હો વીરા મારા....
ગોરી તે છોકરી ના જોશો વીરા
ગોરી તો ગુમાનમાં ચાલશે....હો વીરા મારા....
ભણેલી તે છોકરી ના જોશો વીરા
ભણેલી તો ફેશનમાં ચાલશે....હો વીરા મારા...
અભણ તે છોકરી ના જોશો વીરા
અભણ તો જોબ શીદ કરશે ...હો વીરા મારા ...
મધ્યમ તે છોકરી જોશો હો વીરા
મધ્યમ તો કુળને દીપાવશે....હો વીરા મારા...

---

ગોરા ગોદરા રૂપને હો બેની (૨) ઘુંઘટડે છુપાવજે.
સાસરૂં સંભાળજે કુળને દીપાવજે.
સસરા તમારા વાસુદેવ સરખા જઇને પાયે પડજે. (૨)
સાસુ તમારા દેવકી સરખા જઇને સેવા કરજે (૨)
જેઠ તમારા રામચન્દ્ર સરખા જઇને ઘુંઘટ તાણજે (૨)

જેઠાણી તમારા સીતા સરખા જઈને કામો મુકાવજે (૨)
સાસુ નણદલ સૈયર વાસી
લાડકવાયા દિયરીયાને ઓછા લાડ લડાવજે (૨)
મારા સંપતીયા વેવાઇ તમે સાંભળો છો કે નહીં

---

ઘરમાં ઘડિયાળ છે કે નહીં જોતા આવડે છે કે નહીં....મારા
બાર વાગ્યા છે વેવાઈ ખબર પડે છે કે નહીં...મારા
તમારા કાન છે કે કોડીયા વેવાઇ સાંભળો છો કે નહીં....મારા
ભૂખ લાગી છે વેવાઇ રસોઇ તૈયાર છે કે નહીં...મારા

---

અમો ઘેર મોસાળીઆ (જાનૈયા) ભલે આવ્યા રે
મોસાળીઆને શાના તે બેસણ હોય રે
ગાદી તકીયા અતિ ભરેલા કારપેટ
ઉપર ભાવ ભરેલા....અમો ઘેર...
મોસાળીયાને શાના તે ભોજન હોય રે
શીખંડ પૂરી અતિ ભરેલા ભડકા
ઉપર ભાવ ધરેલા...અમો ઘેર....
મોસાળીઆને શાના તે મુખવાસ હોય રે

લવિંગ સોપારી એલચી ઉપર ભાવ ભરેલા
ચીચોડા પર ભાવ ધરેલા.... અમો ઘેર...

---

મારી લાડકવાયી જાયા, છોડી મૈયરીયાની માયા
બેની લાડે કોડે સાસરીયે સીધાવજે
બેની સદ્‌ગુણી થઇ બંને કુળ દીપાવજે... મારી
કરજે સાસુજીની સેવા સસરા સેવા કરવા જેવા
પાયે પ્રિતમને પૂજીને કુળ દીપાવજે.... બેની સદ્‌ગુણી
માતા પિતા કહે લાડકડી ડાહી ડમરી છે નાનકડી
આવી દુઃખ પડે તો યે ઓછું ના લાવજે.... બેની સદ્‌ગુણી
નણંદી દેરાણી જેઠાણી જે કોઇ બોલે કડવી વાણી
સઘળું સાંખી મીઠી વાણી તું સંભળાવજે.... બેની સદ્‌ગુણી
નાવું ધોવું ખાવું પીવું સમજી હસવું હરવું ફરવું
આવે અતિથિ મહેમાનને તું બોલાવજે... બેની સદ્‌ગુણી
દિલડું અકળાયે મુંઝાયે હરવા ફરવાનું મન થાયે
સૌની આજ્ઞા લઈ પિયરીયે પાછી આવજે.... બેની સદ્‌ગુણી
સંપી સૌની સાથે રહેજે આળ કે ગાળ ના તું દેજે
અમૃત ઝરણા ભરતું નારી જીવન વિતાવજે...બેની સદ્‌ગુણી

---

આજ ઘડીની રાતે બેની સાસરે જવાના
બેની હમારા બેની શા માટે ક્રોધે ભરાયા
માત પિતાને છોડી જવાના
સાસુ સસરાની સંગે જવાના
નાના સરખા દિયરીયાના ભાભી રે થવાના બેની....
વીરા ભાભીને છોડી જવાના
જેઠ જેઠાણીની સંગે જવાના
નાના સરખા ભત્રીજાના આન્ટી રે થવાના...બેની....
બેન બનેવીને છોડી જવાના
નણંદ નણદોઇની સંગે જવાના
નાના સરખા ભાણેજના મામી રે થવાના...બેની...
સખી મંડળને છોડી જવાના
....લાલની સંગે જવાના
ફ્રેન્ડ સરકલના ભાભી રે થવાના....બેની હમારા બેની....

કારતક માસે બેસતું વરસ વેવાઈ વેવણને સાલ મુબારક
નમન કરતાં નહીં આવડે રે અબ ઘર જાને દો
માગશર માસે પાકયા બોર વેવણને લઇ ગયો ચોર
કારસનના હોલમાંથી રે ...અબ...

પોષ માસે પડી ઠંડી વેવણને જોઈએ બંડી
ગધેડાના ઉન વાળી રે... અબ...

મહા માસે પાકી જુવાર વેવણને લઇ ગયો લુહાર
કારસનના હોલમાંથી રે.. અબ...

ફાગણ માસે આવી હોળી વેવણને જોઇએ ચોળી
નવી નવી ફેશન વાળી રે.. અબ...

ચૈત્ર માસે આવી જાત્રા વેવણને પાઓ માત્રા
આદુના રસ વાળી રે.... અબ...

વૈશાખ માસે પડયો તડકો વેવાઇ વેવણને થયો ભડકો
બળવાની બાકી રહી રે...અબ....

જેઠ માસે વાવ્યા ધાણા વેવાઈના ખૂટ્યા નાણાં
સુનિતાના લગ્ન માટે રે...અબ....

અષાઢ માસે પડ્યા છાંટા વેવણને ભાંગ્યા કાંટા
સેન્ડલની સગવડ કરો રે...અબ....

શ્રાવણ માસે આવ્યો મેળો વેવણને જોઇએ મેવો
નાનેરા બચ્ચા માટે રે... અબ...

ભાદરવો ભરેલો ગાજે વેવાઈ વેવણ ઘરમાં નાચે
સુનિતાના લગ્ન માટે રે....અબ....

આસો માસે આવી દિવાળી વેવણ છે હજી કુંવારી
પરણવાની બાકી રહી રે...અબ....
બાર માસ પૂરા થયા વેવાઇ વેવણ બુરા થયા
પરેશના લગ્ન માટે રે...અબ....

---

## લગ્ન ગીત ઉગલાવતી વખતે

તુલસીના ક્યારામાં કંકુના છાંટા
ત્યાં બેસી શ્રીકૃષ્ણ નાહ્યા રે ગોકુળના રહેવાસી
હું તમને પૂછું મારા કુંવર કનૈયા
હાથમાંનું નાળીએર ક્યાંથી લાવ્યા રે ગોકુળના...
મારે ને ગાંધીડાને પ્રીત જજેલી
તેણે તે ભેટ બજાવી રે ગોકુળના....
હું તમને પૂછું મારા કુંવર કનૈયા
અંગેની પોષાક ક્યાંનો લાવ્યા રે ગોકુળના....
મારે ને મોસાળીયાને પ્રીત જજેલી
તેણે તે ભેટ બજાવી રે ગોકુળના...
હું તમને પૂછું મારા કુંવર કનૈયા
અંગેનો પોષાક ક્યાંથી લાવ્યા રે ગોકુળના....

મારે ને કાપડીયાને પ્રીત જજેલી
તેણે તે ભેટ બજાવી રે ગોકુળના....
હું તમને પૂછું મારા કુંવર કનૈયા
હાથમાંની ઘડીયાળ ક્યાંથી લાવ્યા રે ગોકુળના....
મારે ને ડાયગ્નોવાળાને પ્રીત જજેલી
તેણે તે ભેટ બજાવી રે ગોકુળના ...

## વિદાય ગીત

સમજુ બાળકી જાય સાસરે
વચન માળીના ધ્યાનમાં ધરે
સસુર પક્ષમાં લાજથી રહી
કસૂર કામમાં કરશો નહીં
વચનથી વધે વેરીઓ ઘણાં
વચનથી વધે હેત આપણા
વિચરવું સુખે સુખમાં સદા
વચન મીઠડાં બોલજે સદા
સર્વ સાથ તું ચાલજે મળી
ગર્વ ટાળી ને જો ગઈ ઘડી

સરસ સંપ તું વધારશે વળી
દુઃખ રૂપી નદી દેખશે કળી
પર ઘરે બેસવું નહીં કદી
ઘર તણી કથા કહેવી ના સહી
કુથલી પારકી જો કરી મુખે
દુશ્મનો થશે દાઝશે દુઃખે
દીયર જેઠ શું થોડું બોલવું
અદબમાં રહી રોજ ચાલવું
વડીલ વૃદ્ધની ચાકરી કરી
પ્રભુ તણી પ્રીતી પામજે ખરી
હઠ કરી કશું માગવું નહીં
રૂસણું માંડી ને દુભવવું નહીં
ઉપડતે શ્વરે વાલ ના વધે
રખડતે મને કામ ના સહે
વખત જો મળે વાંચજે કશું
નવ રહીશ તું બેન આળસુ
અસુર સાંજના ના એકલું જવું
અતિશય આકરા ક્રોધી ના થવું.

હસમુખા રહે પ્રેમ વધશે
કુટુંબ કલેશ તો દૂર સૌ થશે
અધમ પાપથી વેગળા રહી
ભજન ભક્તિમાં રાચવું સહી.

---

તારલે મઢેલો મંડપ હશે એમાં મારી બેનીનાં લગ્ન થાશે
અમે અમારા બેનીને વીંટીથી સજાવીશું
વીંટી ના ગમે તો બેનીને ઘડિયાળથી સજાવીશું
વીંટીથી સુંદર ઘડિયાળ હશે
ઘડિયાળથી સુંદર બેનનું મીંઢળ હશે તારલે...
અમે અમારા બેનીને સાડીથી સજાવીશું
સાડી ના ગમે તો બેનને સેલુથી સજાવીશું
સાડીથી સુંદર સેલુ હશે
સેલુથી સુંદર બેનનું પાનેતર હશે....તારલે...
અમે અમારા બેનીને ફૂલોથી સજાવીશું
ફૂલો ના ગમે તો બેનને કળીઓથી સજાવીશું
ફૂલોથી સુંદર કળીઓ હશે
કળીઓથી સુંદર વરમાળા હશે... તારલે....
મંડપ હશે એમાં મારી બેનનાં લગન થાશે.

---

એક પરદેશી પોપટની સાથ મેના ચાલી સાસરીયે
છોડી મૈયરીઆની વાટ મેના ચાલી સાસરીએ
તારી સરખી સાહેલીઓ સુની પડી
માતા પિતાની ભીની મમતાએ ખૂબ જ રડી
ભાઇ ભાભીની આંખમેં મેના ચાલી સાસરીયે... એક....
જેણે પાળી પોષીને મોટી કરી
જેણે પારકી થાપણ સોંપી દીધી
કંકુ વરણા કરીને હાથ મેના ચાલી સાસરીએ .. એક...
મોંઘી માળાનું મોતી વિખુટું પડયું
જેના ભાગ્યમાં લખ્યું હતું તે તેને મળ્યું
એના ઘુંઘટમાં રાખી લાજ મેના ચાલી સાસરીએ...એક ...
જગદંબા સદા તારી રક્ષા કરે
ચુડી ચાંદલો તારો અખંડ રહે
કુટુંબ આપે છે આશીર્વાદ મેના ચાલી સાસરીએ...એક....

---

પંખીડા ઓ પંખીડા... પંખીડા ઓ પંખીડા...
પંખીડા ઉડી જાજે સ્યાદલા ગામ રે
જઇને કહેજે રમણુલાલને રામકબીર રે.
સ્યાદલા ગામના વસંતલાલ વેલા આવો રે
મારી હેમું બેનને કાજ રૂડા નેકલેશ લાવો રે

સારા લાવો સુંદર લાવો વેલા આવો રે
જઇને કહેજો પ્રકાશલાલને રામકબીર રે૦
.........ગામના . ...લાલ વેલા આવો રે
મારી બેનને કાજે રૂડા ઝાંઝર લાવો રે
સારા લાવો સુંદર લાવો લઇને આવો રે
............દાસને કહે જો રામકબીર રે૦
... .... .. ગામના.........દાસ વેલા આવો રે
મારી.......બેનને કાજે રૂડી સાડી લાવો રે
સારી લાવો સુંદર લાવો વેલા આવો રે
જઇને કહેજો......લાલને રામકબીર રે૦

---

મૈયર છોડીને બેની સાસરીયે જાય...(૨) .. મૈયર....
જોજે તારી જનેતાની કુખ ના લજવાય... (૨)...જોજે....
માતા પિતાની તેં તો મમતા વિસારી
સરખી સાહેલીઓ રૂવે આંસુડાં સારી
મૈયર છોડીને બેની સાસરીએ જાય...(૨)...મૈયર...
જોજે તારી જનેતાની કુખ ના લજવાય....(૨)....
પારકી થાપણ ઘરમાં રાખી ન રખાય (૨)
જોજે તારી જનેતાની કુખ ના લજવાય...(૨)....

હૈયાના હેત તને પ્રેમથી પાયાં
સાસરાના સુખ તને મળશે સવાયા
પીયરનો પંથ જોજે ભુલી ના જવાય (૨)
જો જે તારી જનેતાની કુખ ના લજવાય....(૨)....
પીયર છોડી બેની સાસરે જાય
મૈયર છોડીને બેની સાસરીયે જાય...(૨)...
શ્રાવણની પૂનમે વીરો જોશે તારી વાટડી
કયારે આવીને બેની બાંધે મને રાખડી
વીરાના બેની તારૂં સુખ ના સુકાય (૨)
જોજે તારી જનેતાની કુખ ના લજવાય...(૨)...
રાખજે ભરોસો સદા અંબાના નામનો
અમર રાખે તારો ચુડી ને ચાંદલો
વિદાયની વેળા એવી વસમી ગણાય (૨)
જોજે તારી જનેતાની કુખ ના લજવાય...(૨)....

---

સોનેરી સાડલો પહેરી લ્યો રે બેની પહેરી લ્યો રે
એ તો મામાના આશિષ કહેવાય રે
બેની એ તો મામાના આશિષ કહેવાય.
કુમકુમ ચાંદલો ચોડી લ્યો રે બેની....ચોડી લ્યો રે

એ તો અખંડ સૌભાગ્ય કહેવાય રે
બેની અખંડ સૌભાગ્ય કહેવાય..
માથામાં સિંદુર પૂરી લ્યો રે બેની પૂરી લ્યો રે
એ તો પતિનો ધર્મ કહેવાય રે
બેની પતિનો ધર્મ કહેવાય...
મંગળ સૂત્ર પહેરી લ્યો રે બેની પહેરી લ્યો રે
એ તો પતિનું પ્રતીક કહેવાય રે
બેની પતિનું પ્રતીક કહેવાય.
હસ્ત મેળાપ બેની કરી લ્યો રે બેની કરી લ્યો રે
એ તો જીવનમાં એક જ વાર રે
બેની જીવનમાં એક જ વાર..
સસરાને જોઇ નીચું નમજો રે ધીરૂં બોલજો રે બેની
તમે રાખજો કુળની લાજ રે
બેની રાખજો કુળની લાજ...
જેઠાને જોઈને ઘુંઘટ તાણજો રે બેની તાણજો રે
તમે રાખજો વીરાની લાજ રે
બેની રાખજો વીરાની લાજ...
પતિ સુખે સુખ માણજો રે બેની માણજો રે

એ તો જીવનનો ભરથાર રે
એની જી વ ન નો ભ ર થા ર...

---

દીકરી તું સાસરીયામાં જઇને એની કુળ દીપાવ
સુખી થાજે એની સાસરીયામાં સુખી થાજે એની.

દેતા રહેજે રૂડી રીત
છોડી મૈયરીયાની પ્રીત

દેતા રહેજે રૂડી રીત છોડી મૈયરીયાની પ્રીત
સૌને પોતાના જાણી એની સૌને પોતાના જાણી... દીકરી...

સહેવા પડશે સુખ ને દુઃખ
મારી ઉજ્જવળ કરજે કુખ

સહેવા પડશે સુખને દુઃખ મારી ઉજ્જવળ કરજે કુખ
હિંમત હૈયામાં રાખીને એની હિંમત હૈયામાં રાખી... દીકરી

જેવી ગંગાજીની ધાર
તેવા વાણી ને વિચાર

જેવી ગંગાજીની ધાર તેવા વાણીને વિચાર.
વિવેક મર્યાદા રાખી એની વિવેક મર્યાદા રાખી....દીકરી

સાસુ સસરા છે મા ને બાપ
તેમનું જાળવજે તું માપ
સેવા તન મનથી કરીને બેની સેવા તન મનથી કરી  દીકરી
તારા સ્વામીને સંભાળ
એ છે સાચા શ્રી ભગવાન
તારા સ્વામીને સંભાળ એ છે સાચા શ્રી ભગવાન
કુટુંબ પ્રિતમને પૂજી બેની કુટુંબ પ્રિતમને પૂજી....દીકરી

---

સ્નેહી માતા પિતા સાંભળો
પુત્રી થાય વિદાય અંતરમાં આંશ્રું ના લાવશો
એ તો કુળની રીત....પુત્રી વળાવજો પ્રેમથી
બાળપણાથી માતાએ મોટી કીધી
પિતાએ લડાવ્યાં લાડ એ બદલો કેમ વાળીશું
એ તો વાળ્યો ન વળાય....પુત્રી વળાવજો પ્રેમથી
આપો કન્યાદાન સાથીઓ પૂરો હૈયાનો હાર
હાથી શોભે દરબારમાં પુત્રી શોભે ઘરબાર....
પુત્રી વળાવજો પ્રેમથી
મનુભાઇ ને હસુભાઇની બેનડી હવે સાસરીયે જાય
ભલે ગરીબ હોય કે તવંગર...પુત્રી વળાવજો પ્રેમથી

---

હવે કુળ દીપાવ...પુત્રી વળાવજો પ્રેમથી
કહું છું આજ ઘડીની રાત ...સાંભળો જીયાવરની વાત (૨)
જાય છે પિતાનું ઘર છોડીને માતા માયા તોડીને
બેનનાં પિતા વિદાય બેનને આપતાં
બેનનાં માતા આંસુની ધારા સારતાં
બેનનો નાનેરો વીરો આવીને પૂછતો
કહો માતાજી બેની કયારે આવશે
માતા મસ્તક મૂકી હાથ...બેની આવશે કાલે રાત .. (૨)
જાય છે પિતાનું ઘર છોડીને માતાની માયા તોડીને.

---

— સાસરે જતાં વિદાય ગીત —

મારી લાડકવાયી જાયા છોડી સૈયરીયાની માયા
બેની લાડે કોડે સાસરીયે સીધાવજે
બેની સદ્‌ગુણી થઈ બંને કુળ દીપાવજે
કરજે સાસુજીની સેવા સસરા સેવા કરવા જેવા
પ્રેમે પ્રિતમને પૂજીને કુળ દીપાવજે....બેની ...
માતા પિતા કહે લાડકડી સમજુ શાણીને નાનકડી
જીવન નંદન વન જેવું તું બનાવજે શાણી...બેની....

નણંદી દેરાણી જેઠાણી જે કોઇ બોલે કડવી વાણી
સઘળું સહીને મીઠી વાણી સંભળાવજે... બેની....

દિલડું અકળાયે મુંઝાયે હરવા ફરવાનું મન થાયે
સૌની આજ્ઞા લઇ પીયરીએ મળવા આવજે... બેની...

સંપી સૌની સાથે રહેજે જીવન આનંદે તું રહેજે
અમૃત ઝરણા વહેતું નારી જીવન દીપાવજે .. બેની ...

નાવું ધોવું ખાવું પીવું સમજી હસવું ફરવું ફરવું
આવી દુઃખ પડે તોયે ઓછું ના લાવજે બેની....

આવે અતિથિ મહેમાનને તું બોલાવજે બેની...

---

## — લગ્ન ગીત —

જનેતાએ દીકરીને શણગારી સાસરે
ખોળે બેસાડી પિતાએ વચન આપ્યા
સુખ ને દુઃખ દીકરી જીવનમાં આવશે
તેનો તું કરજે વિચાર રે હો દીકરી... જનેતા ...

ખોળે બેસાડી માતાએ વચન આપ્યા
તડકો ને છાંયડો દીકરી જીવનમાં આવશે
તેના તું કરજે વિચાર રે હો દીકરી...જનેતા

ખોળે બેસાડી વીરાએ વચન આપ્યું
શ્રાવણની પૂનમે બાંધજે તું રાખડી....જનેતા....

ખોળે બેસાડી ભાભીએ વચન આપ્યા
ચડતી ને પડતી આવે જીવનમાં
તેનો તું કરજે વિચાર હો નણંદ...જનેતા...

---

રાગ :- ઓ મેરે વતન કે લોગો

એ મેરે દિલ કી બેની તું આજ બની છે પરાઈ
તું મુજને નહી વિસરતી તારી એક તમન્ના બાકી

જાણે વાત લગ્નની આવી ત્યારે આંખમાં આવે પાણી
દિલ રડી રહ્યું અંતરમાં આજે આગ લાગી છે જીવનમાં

એ આગને કોણ હોલવશે એને કોણ શીતળતા આપશે
આજે પ્રેમ સરિતા સુકાણી તારી એક તમન્ના બાકી

એકદિન જયારે એવો આવશે કોઇ અશ્વે ચઢીને આવશે
જયારે બ્રાહ્મણ વેદ ભણાવશે તારા મંગળ ગીત ગવાશે.
યહ મેરે દિલ કી... .......

રાગ : ઓઢણી ઓઢું ઓઢુંને ઉડી જાય

બેની જાવોને સાસરીએ

તારા માતા મુંઝાય, તારા પિતા મુંઝાય
તારા સાસુ હરખાય, તારા સસરા હરખાય

બેનીના હૈયામાં કંઇ કંઇ થાય
હારે, હારે, તારા સસરાને પાયે પડાય
હાય હાય (૨) પાયે પડાય—પાયે પડાય

તારા વીરા મુંઝાય તારા ભાભી મુંઝાય
તારા જેઠ હરખાય તારા જેઠાણી હરખાય

બેનીના હૈયામાં કંઈ કંઈ થાય
હારે હારે તારા જેઠોના ઘુંઘટ તણાય
હાય હાય (૨) ઘુંઘટ તણાય...ઘુંઘટ તણાય

તારા બેની મુંઝાય તારા બનેવી મુંઝાય
તારા નણંદ હરખાય તારા નણદોઇ હરખાય

બેનીના હૈયામાં કંઇ કંઇ થાય
હારે હારે તારા નણદોઇને મહેમાન મનાય
હાય હાય (૨) મહેમાન મનાય મહેમાન મનાય.

બાબુલ કી દુઆએ લેતી જા તુજકો સુખી સંસાર મિલે
મૈકેકી કભીના યાદ આયે, સસુરાલ મેં ઈતના પ્યાર મિલે
નાજોંસે તુઝે પાલા મૈંને કલિયો કી તરહ ફૂલોં કી તરહ
બચપન મેં ઝુલાયા હૈ તુજકો બાહોંમેં મેરી ફૂલોકી તરહ
મારી બાગ કી એ નાઝુક ડાલી તુઝે હરપલ નઈ બહાર મિલે
જીસ ઘરસે બંધ હૈ ભાગ તેરે ઉસ ઘરમેં સદા તેરા રાજ રહે
હોટોં પે હસને કી ધૂપ ખીલે માથે પે ખુશી કા તાજ રહે
કીસી જિસકી જ્યોતના હો ફીકી તુઝે ઐસા રૂપસિંગાર મિલે
બિતે તેરે જીવન કી ઘડિયાં આરામ કી ઠંડી છાઓ મિલે
કાંટા ભી ન ચુભાને પાયે કભી મેરી લાડલી તેરે પાવોં મેં
ઉસ હારસે ભી દુખ હર રકી જીસ દ્વાર સે મેરા દ્વાર મિલે
સસુરાલ મેં ઇતના પ્યાર મિલે....

---

રાગ :- હા...મણિયારુતે

હાં...બેની ના લગ્ન આવ્યાને કાંઇ
આવશે સુરત કેરી જાન રે...
બેની તારા હોંશીલા વર રાજા કે બેની તારા
વરણાગી વર રાજા

હાં...વર રાજા તો તોરણે આવશેને
કાંઇ વર રાજા તો (૩)
આવશે તોરણે આવશે ને કાંઇ સુરત કેરી જાન રે
એની તારા હોંશીલા વર રાજા કે
એની તારા વરણાગી વર રાજા
હાં....એની એ ઓઢલ ચૂંદડી ને મારી
એની એ ઓઢલ ચૂંદડી (૩)
એમાં જીજાએ ચિત્રેલ મોરલે ...એની તારા....
હાં...વર રાજા તો વન કેરો મોરલો ને
કાંઇ વર રાજા તો (૩)
મારી એની ઢળકતી ઢેલ રે....એની તારા....
હાં....અણિયારી તે એની તારી આંખડી રે
એની કાંઈ અણિયારી તે (૩)
એમાં જીજાએ આંજેલ મેશ રે ...એની તારા...
હાં....વર રાજા તો અષાઢ કેરો
મેહુલોને કાંઇ વર રાજા તો (૩)
મેહુલો મારી એની ઝબૂકતી વીજ રે....એની તારા....

હાં વર રાજા તો તાંબા કેરું
બેડલુંને કાંઇ વર રાજા તો (૩)

હાં...વર રાજા તો આભમાંનો
તારલો ને કાંઇ વર રાજા તો...(૩)

તારલો મારી બેની ચંદ્રમાનો તેજ રે...બેની તારા...

---

રાગ :- દિલ કે અરમા આંસુઓંમેં બહ ગયે

હાર પહન કે બેની દુલ્હન બન ગઈ
હાર પહન કે જીજા દુલ્હન બન ગયા

કુંવારું જીવન હવે પૂરું થયું
મૈયરની પ્રિતરી હવે ઓછી કરો

કુંવારી જિંદગીનો આ છેલ્લો દિવસ
પરણીયા પછીનો આ પહેલો દિવસ

માતાપિતાને છોડીને સાસરીયે સીધા
મૈયરની પ્રિતરી હવે ઓછી કરો

શ્રાવણની પૂનમે વીરો જોશે વાટડી
કયારે આવી બેની બાંધે રાખડી

સુખમાં ને દુઃખમાં પતિને સાથ આપજે
પારકા પોતાના તું કરજે હવે.

---

રાગ :- કભી ખોલેના તિજોરી કા તાલા

કભી ખોલેના તિજોરી કા તાલા
યા બેનના સસરા બડા પૈસેવાલા
જાવો બેની સાસરીયે (૨)

ગેસ કૂકર વાળા છે ડાઇનીંગ ટેબલ વાળા છે
તોયે ખોલે ના રસોડા કા તાલા
યા બેનના સસરા બડા પૈસેવાલા
જાવો બેની સાસરીયે ... (૨)

કોસા સીલ્કવાળા છે જેકાર્ડ ટીસ્યુ વાળા છે
તોયે ખોલે ના કબાટો કા તાલા
યા બેનના સસરા બડાં પૈસેવાલા
જાવો બેની સાસરીયે.... (૨)

ઊંટ લારીવાળા છે બળદ ગાડું વાળા છે
તોયે ખોલે ના કહારોં કા તાલા
યા બેનના સસરા બડા પૈસેવાલા
જાવો બેની સાસરીયે.... (૨)

મારૂતી ફિયાટ વાળા છે એની ગાડી વાળા છે
તોયે ખોલે ના ગેરેજોં કા તાલા
યા બેનના સસરા બડા પૈસેવાલા
જાવો બેની સાસરીયે ... (૨)

---

રાગ :- બાદલ તેરી સહનાઇ ડોલે

બેન મારી મોગરાની કળી બેન મારી ચંપાની કળી
જો જો વેવાઇઓ કળી મારી કરમાઈ ન જાય.

બેનના સાસુ બોલે, બેનના સસરા બોલે,
બેનથી જરાય ન બોલાય
જો જો વેવાઇઓ કળી મારી કરમાઈ ન જાય.

બેનના જેઠ બોલે, બેનના જેઠાણી બોલે,
બેનથી જરાય ન બોલાય
જો જો વેવાઇઓ કળી મારી કરમાઈ ન જાય.

બેનના દિયર બોલે, બેનના દેરાણી બોલે,
એનથી જરાય ન બોલાય
જો જો વેવાઇઓ કળી સારી કરમાઇ ન જાય.
બેનના નણંદ બોલે. બેનના નણદોઈ બોલે,
બેનથી જરાય ન બોલાય
જો જો વેવાઇઓ કળી મારી કરમાઈ ન જાય.

---

રાગ :- દેખ તેરે સંસાર કી હાલત

બેની તારા પાનેતરમાં ચંદ્રતણો શણગાર
હો બેની સુહાગનો શણગાર (૨)
પ્રથમ પ્રણામ તારા માતાને કરજે,
બીજા પ્રણામ તારા પિતાને કરજે.
માતપિતા આશિષ લઇને સાસરીયે તું જા.. હો બેની...
ત્રીજા પ્રણામ તારા વીરાને કરજે,
ચોથા પ્રણામ ભાભીને કરજે,
વીરા ભાભીના આશિષ લઇને સાસરીયે તું જા.. હો બેની...

પાંચમા પ્રણામ તારા કાકાને કરજે,
છઠ્ઠા પ્રણામ તારા કાકીને કરજે,
કાકા કાકીના આશિષ લઇને સાસરીયે તું જા....હો બેની....
સાતમા પ્રણામ તારા ફુઆને કરજે,
આઠમા પ્રણામ તારા ફોઇને કરજે,
ફુઆ ફોઇના આશિષ લઈને સાસરીયે તું જા ...હો બેની...

---

રાગ :– દેખા એક ખ્વાબ [ફિલ્મ સીલ સીલા]

આજ મારી બેની જાય છે સાસરે
સસરામાં જઇને બેની કુળ દીપાવ
કુળ દીપાવ માની કુખ ઉજાળ
માતાની મમતા છોડી રે જાય.
વીરાની બહેન હવે સાસરે જાય
બેની વિના ઘર સુનું થઈ જાય
કયારે આવે મારી બેનડી,
વીરા જુએ છે વાટલડી...આજ....

પર ઘરે બેસવું નહીં
ઘરની વાત કદી કહેવી નહીં

વડીલ વૃદ્ધની ચાકરી કરી,
પ્રભુ તણી પ્રિતી પામજે ખરી....આજ....

દિલમાં દુઃખ આજે બહુ રે થાય
પારકાને હાથ આજે સોંપી દેવાય

તારું જીવન આજે ઉજ્જવળ થાય,
ઉજ્જવળ થાયે બેની સુખી રે થાય....આજ....

---

મોગરાની કળી બેની સાસરીયે જાય (૨)
જો જો સાસરવાસી કરમાઇ ના જાય (૨)

સસરા જેના દશરથ જેવા સાસુ જેના કૌશલ્યા જેવા
એવા સસરાને પાયે પડાય
એવી સાસુજીની સેવા કરાય...
જો જો સાસરવાસી કરમાઇ ના જાય

જેઠો જેના રામચંદ્ર જેવા જેઠાણી જેના સીતામા જેવા
એવા જેઠોજીના ઘુંઘટ તણાય
એવી જેઠાણીના કામો કરાય....
જો જો સાસરવાસી કરમાઇ ના જાય

દીયર જેના લક્ષમણ જેવા દેરાણી જેની ઊર્મિલા જેવી
એવા દીયરીયાને મશ્કરી થાય
એવી દેરાણીને કામો સોંપાય ...
જો જો સાસરવાસી કરમાઇ ના જાય.

---

બેના રે........સાસરીયે જાતા જો જો પાંપણ ના ભીંજાય
દીકરી તો પારકી થાપણ કહેવાય
દીકરી તો પારકી થાપણ....બેના રે....

દીકરીને ગાય દોરે ત્યાં જાય
દીકરી તો પારકી થાપણ કહેવાય....બેના રે...

બેની તારે માથે બાપનો હાથ હવે નહીં ફરશે
હાથ હવે નહીં ફરશે

રમતીતી તું જે ઘરમાં એ ભીંતે ભીંતે રડશે
એ ભીંતે ભીંતે રડશે

બેના રે.... વિદાયની એ વસમી વેળા
રોકી ના રોકાય... દીકરી તો.... બેના રે...

તારા પતિનો પડછાયો થઇ રહેજે સદાયે સાથે
રહેજે સદાયે સાથે
સોહાગી સંતોષી ભામા કંકણ શોભે હાથે
કંકણ શોભે હાથે

બેના રે.... તારી આવે યાદના ફૂલો
કોઇ દિ ના કરમાય.... દીકરી તો... બેના રે....

આમ જુઓ તો આંસુ સૌના પાણી જેવું પાણી
પાણી જેવું પાણી
સુખનું છે કે દુઃખનું એ તો કોઇ શકયું ના જાણી
કોઈ શકયું ના જાણી

બેના રે... રામ કરે સુખ તારૂં કોઈ દિ
નજર્યું ના નજરાય.... દીકરી તો ... બેના રે...

દીકરી ને ગાય દોરે ત્યાં જાય....
દીકરી તો પારકી થાપણ કહેવાય....બેના રે

## લગ્ન ગીત — ઉઘલાવતી વખતે

હાથમાં નાળિયેર રે ભાઇના ડોકે વરમાળા
એ રે વરમાળા ભાઇની કોણે મોકલાવી
........ નગરીમાં ભાઈના મામા ........ રે
એ રે વરમાળા ભાઈની મામીએ મોકલાવી....
અંગ પરનો પોષાક ભાઈનો કોણે મોકલાવ્યો
........ નગરીમાં ભાઈના મામા ........ રે
એ રે પોષાક ભાઇનો મામીએ મોકલાવ્યો....

---

ખોટ પડશે હવે તારી રે હો સ્નેહી બેની
ખોટ પડશે હવે તારી...
માતા એ રૂડો જન્મ જ આપ્યો... (૨)
પિતા એ તુજને પરણાવી રે... હો સ્નેહી....
વીરા કોલેજમાં ને બેની સાસરીએ .. (૨)
માતાની કોણ લે સંભાળ રે...હો સ્નેહી...

વહેલી વહેલી આવજે ને પત્ર પાઠવજે
કરજે મૈયર કેરી યાદ રે....સ્નેહી....
જીવનનું નાવ તારું હળવે હંકારજે
ભર દરિયે વચ્ચે ને ડુબી જાયના...હો...સ્નેહી...
હૃદય મંદિરમાં મૂર્તિ છે તારી
તે તો કદી ના ભૂલાય રે...હો....સ્નેહી...

---

તારા પિતાની લીલી વાડી તારા કાકાની ઘોડા ગાડી
તારા મામાની મોટર ગાડી....આજે પરણે છે રાજકુમારી
તારા પિતા ધરમરાય જેવા તારા કાકા કલેકટર જેવા
તારા મામા મામલતદાર જેવા....આજે પરણે....
તારા પિતાએ શોધ્યું મુંબઇ તારા કાકાએ શોધ્યું કલકત્તા
તમારા મામાએ શોધ્યું સાસરું...આજે પરણે...
તારા સસરા સાધુ બાવા જેવા
તારી સાસુનો સ્વભાવ બહુ આકરો
તારો દિયર વિછુડાનો આંકડો....આજ પરણે....

## — ગીત —

બેના હો પ્યારી બેના, બેના હો પ્યારી બેના
હો પ્યારી બેના તું તો આજે દુલ્હન બની
તારા સાજનની તું તો સોહાગણ બની... બેના....

તારી સેંથીમાં સિંદુર સોહાય
તારા હાથોમાં મહેંદી રસાળી
હાથે કંકણ સોહાય પગે ઝાંઝર રણકાય
તારા ગળામાં મંગળ સૂત્ર સોહાય (૨) ....બેના...

માતા પિતાની મમતા તેં છોડી
સાસુ સસરાની મમતા તેં ઝાલી
છોડી મૈયરની વાટ ચાલી સાસરીએ આજ
તારી વિદાયની વેળા તો વસમી બની... (૨) બેના...

ગંગા રે જમનાના નીર મંગાવો
વર વનમાળીને સ્નાન કરાવો

કેસરીયા વરને સોળે શણગારો
તો વરઘોડે વર શોભતો રે

પાઘડીએ સોના સેર બંધાવો કૂમતડાં લટકે લટકાવો
બંધુ વરને ખૂંપ ઢોળાવો તો...વરઘોડે

શ્રીફળ ફોફર આલ્યા છે હાથ તો
મોડ બાંધી જશોદા રે માતા
રામન દીવડો ઝાલ્યો છે હાથ તો ...વરઘોડે

ગોકુળમાં સહુ જોવાને મળ્યાં
રૂપ દેખીને સૌનાં મનડાં રે ઠર્યાં
વલ્લભનું મન આનંદ ભર્યું તો...વરઘોડે

મારી બેનીની ચૂંદડી સવા લાખની
પહેરજો (૨) સાસરીયામાં જઇને નવદંપતીની
સુખી સુખરીયા થાજો હવે સાસરે.

બારણે ઊભેલા પિતા જોઇ રહ્યા
જાય છે મારા કુળને દીપાવનારી રે... નવદંપતીની

રસોડે ઊભેલાં માતા જોઇ રહ્યાં
જાય છે મારી રસોઇની જમનારી રે... નવદંપતીની

માંડવે ઊભેલા કાકા જોઈ રહ્યા
જાય છે મારા કુળની લાડકવાઈ રે....નવદંપતીની

કોલેજથી આવતા વીરા જોઇ રહ્યા
જાય છે મારી રક્ષાની બાંધનારી રે...નવદંપતીની

શેરીયે ઊભેલી સખી જોઇ રહી
જાય છે મારી કંપની આપનારી રે....નવદંપતીની



મુદ્રણસ્થાન : આનંદ મુદ્રણાલય, વ્યારા